Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
Year:7, Issue: 253 Dt.06-08-2022 (Saturday)
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# રાજકોટમાં બપોર બાદ ધોધમાર વરસાદ શરૂ, ચારેતરફ પાણી-પાણી




(તસવીરઃ રાજેશ ભટ્ટી)

## બપોરે ૨:૩૦ વાગ્યાથી વાતાવરણમાં પલ્ટો અને મુશળધાર વરસાદ તૂટી પડ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬
છેલ્લા ત્રણ દિવસથી રાજકોટમાં આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઉમટી આવતા હતા પણ મેઘરાજા મન મુકીને વરસતા ન હતા આજે અ મેણું ભાંગવું હોય તેમ શનિવારે બપોરે ૨:૩૦ વાગ્યાથી ધોધમાર વરસાદ શહેરમાં તૂટી પડ્યો હતો. શહેરનાં લગભગ તમામ વિસ્તારોમાં જોરદાર વરસાદ પડી રહ્યાનાં વાવળ મળી રહ્યા છે. ભારે વરસાદની આગાહીને પગલે બપોરે મેઘરાજાએ જોરદાર આગમન કરતા શહેરમાં ચારેતરફ પાણી ભરાઈ ગયા છે.

રાજકોટનાં તમામ મુખ્ય વિસ્તારો ત્રિકોણબાગ, પંચનાથ, સદર બજાર, રૈયા રોડ, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ સહિતનાં વિસ્તારોમાં જોરદાર વરસાદ શરૂ થઇ ગયો હોવાના વાવળ મળ્યા છે. વરસાદને કારણે રસ્તાઓ પર જાણે નદીઓ ચાલી જતી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. ચોંકેચોંકે પાણી ભરાઈ રહ્યા છે. મુખ્ય માર્ગો અને શેરી-ગલીઓમાં પણ જળબંબાકાર થઇ જતા સેંકડો વાહન ચાલકો અટવાઈ પડ્યા હતા. ઘણાનાં વાહન બંધ પડી જતા લોકો પોતાના ટુ-વ્હીલર દોરીને જતા દેખાયા હતા.

છેલ્લા થોડા દિવસથી શહેરમાં વરસાદી વાતાવરણ જામેલું હતું પણ માત્ર ઝરમર વરસાદ થઇ રહ્યો હતો. આજે બરાબર ફૂલ ગુલાબી મિજાજમાં મેઘરાજાએ આગમન કર્યું છે. બપોરે લંચ માટે કામધંધેથી ઘરે પરત ફરતા કે આવતા લોકોને અચાનક તૂટી પડેલા વરસાદથી ભીંજાઈ જવું પડ્યું હતું. રાજકોટ શહેરમાં ચોમાસાની સીઝન શરૂ થઇ ગઈ છે. પરંતુ તંત્રની કામગીરીની પોલ દરવખતે મેઘરાજા ખોલી નાખે છે. અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર ખાડા પડી ગયા હોવાથી તેમાં પાણી ભરાઈ જતા વાહન ચાલકોને અને ખાસ કરીને રાહદારીઓને ભારે હાડમારી ભોગવવી પડી રહી છે. હજુ આવનારા ૪૮ કલાક ભારે વરસાદ થવાની હવામાન ખાતાની આગાહી છે. હવે લોકો છત્રી અને રેઇનકોટ લઈને જ બહાર નીકળી રહ્યા છે.(૨.૧૨)

# આજે દેશને મળશે નવા ઉપરાષ્ટ્રપતિ, જગદીપ ધનખડનો વિજય નિશ્ચિત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે મતદાન કર્યું




**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૬
આજે દેશને નવા ઉપરાષ્ટ્રપતિ મળવાના છે. સંસદ ભવનમાં ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે સવારથી સાંસદો ઉત્સાહભેર મતદાન કરી રહ્યા છે અને મોડીસાંજે પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ભાજપ નેતૃત્વવાળા શાસક એનડીએનાં ઉમેદવાર જગદીપ ધનખડનો વિજય નિશ્ચિત માનવામાં આવે છે. એમની સામે કોંગ્રેસ પ્રેરિત વિપક્ષનાં ઉમેદવાર માર્ગારેટ આલ્વા ચૂંટણી મેદાનમાં છે. ચૂંટાઈ આવેલા ઉપરાષ્ટ્રપતિ ૧૧મી ઓગસ્ટે શપથ ગ્રહણ કરશે. સવારે ૧૦ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે. બાદમાં મતગણતરી શરૂ થશે. લોકસભા અને રાજ્યસભાના સભ્યો ઉત્સાહભેર મતદાન કરી રહ્યા છે. સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે મતદાન કર્યું હતું.

આજે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં લોકસભાના ૫૪૩ સાંસદો, રાજ્યસભાના ૨૨૩ સાંસદો અને રાજ્યસભાના નોમીનેટ ૧૨ સાંસદો મતદાન કરશે. હાલ રાજ્યસભાની કાશ્મીરથી ૪ બેઠક, ત્રિપુરાની એક અને નોમીનેટની ૩ બેઠક ખાલી છે તેથી કુલ ૭૮૦ સાંસદો મતદાન કરશે. આ ચૂંટણીમાં મતદારને ક્રમ આધારે મતદાન કરવાનું હોય છે. તેઓ મત પત્રક પર રહેલા ઉમેદવારોને પોતાની પહેલી પસંદના ઉમેદવારને એક, બીજી પસંદના ઉમેદવારને બે અને અન્ય ઉમેદવારોને આગળની પ્રાથમિકતાનાં નંબર પર મતદાન કરી શકે છે.

એનડીએનાં જગદીપ ધનખડનો વિજય નિશ્ચિત મનાય છે. ૭૦ વર્ષના જગદીપ ધનખડ ભાજપના વરિષ્ઠ નેતા છે અને રાજસ્થાનના વતની છે. તેઓ રાજસ્થાનના ઝુન્ઝુનું મત વિસ્તારમાંથી સાંસદ રહી ચૂક્યા છે. તેઓ પ્રભાવશાળી જાટ સમુદાયમાંથી આવે છે. તેઓ હાલ પશ્ચિમ બંગાળના ગવર્નર તરીકે ફરજ બજાવી રહ્યા હતા.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ૮૦ વર્ષા માર્ગારેટ આલ્વા રાજસ્થાનનાં ગવર્નર રહી ચૂક્યા છે.(૨.૧૨)

# ગર્ભપાતમાં પરિણીત અને અપરિણીત મહિલાઓ વચ્ચે કોઇ પ્રકારનો કાનૂની ભેદભાવ હોઇ શકે નહીંઃ સુપ્રીમ

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી,તા.૬
સર્વોચ્ચ અદાલતે એક મહત્વપૂર્ણ નિરીક્ષણમાં જણાવ્યું હતું કે જ્યાં સુધી ગર્ભપાતનો પ્રશ્ન છે તો પરિણીત અને અપરિણીત મહિલા વચ્ચે ભેદભાવ રાખી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં એ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શા માટે અપરિણીત મહિલાને ૨૪ સપ્તાહ સુધીના સમયમાં ગર્ભપાતની છૂટ આપવામાં ન આવે.

જ્યારે હાલના કાયદા મુજબ આ છૂટ અપરિણીત મહિલા કે જે સિંગલ વુમન તરીકે ઓળખવામાં આવે છે તેના માટે ૨૦ સપ્તાહ સુધીના ગર્ભપાતની છૂટ આપવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે આ ભેદભાવ દૂર કરવા તાકીદ કરી હતી અને જણાવ્યું હતું કે મહિલા પરિણીત હોય કે અપરિણીત તેના ગર્ભપાત અંગેના અધિકારમાં કોઇ ફેર પડતો નથી. સર્વોચ્ચ અદાલતે એ પણ જણાવ્યું કે પરિણીત મહિલાઓ જે કાંઇ પરિસ્થિતિનો આ પ્રકારે ગર્ભધારણમાં માનસિક દ્વિધાનો સામનો કરી રહી હોય છે તેવી જ પરિસ્થિતિ અપરિણીત મહિલાઓની હોય છે તેથી બંને માટેના ગર્ભપાતના સમયગાળામાં ફેરફાર રાખવાનું કોઇપણ પ્રકારે તાર્કિક પણ નથી અને કાનૂની જે કાંઇ જોગવાઈ કરવામાં આવી છે તે ટકી શકે તેમ નથી.

શુક્રવારે સુપ્રીમ કોર્ટે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી લોમાં જે કાંઇ ૨૦ અને ૨૪ સપ્તાહનો ભેદભાવ છે તે દૂર કરવાનું મંતવ્ય વ્યક્ત કર્યું હતું અને જણાવ્યું હતું કે દેશ આજે આધુનિક સમયમાં છીએ તેમાં આ પ્રકારનાં અભિગમની જરૂર છે. સર્વોચ્ચ અદાલતે એ પણ જણાવ્યું કે જ્યાં સુધી ગર્ભપાતનો પ્રશ્ન છે ત્યાં સુધી આપણે હવે આધુનિક અભિગમ અપનાવવો પડશે. ખાસ કરીને છુટાછેડા લીધેલી અપરિણીત કે વિધવા મહિલાઓને ગર્ભપાત માટે જે ૨૦ સપ્તાહ સુધીના ગર્ભ માટે છૂટ આપવામાં આવે છે તે સંદર્ભમાં પરિણીત મહિલાને ૨૪ સપ્તાહની છૂટ અંગે સર્વોચ્ચ અદાલતે બંને વચ્ચેના ભેદભાવ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને કાનૂનની સમીક્ષા કરવાની પણ આવશ્યકતા દર્શાવી હતી.

# ધો.૧૨ના ફિઝીક્સના પુસ્તકમાં સંજ્ઞાની ભૂલ રહી જતા ભારે દેકારો

## ૨૫ હજાર જેટલા પુસ્તકો છપાયા બાદ ભૂલ ધ્યાનમાં આવતા વેચાણ અટકાવાયું

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૬
ધો.૧૨ના ફિઝીક્સના પેપરમાં સંજ્ઞાની ભૂલ રહી ગઈ હોવાથી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે ફિઝીક્સનાં પાઠ્યપુસ્તકનું વેચાણ અટકાવી દેવાની ફરજ પડી છે. સુમાહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે, ફિઝીક્સના ૨૫ હજાર જેટલા પુસ્તકો છપાઈ ગયા બાદ પુસ્તકમાં સંજ્ઞાની ભૂલ ધ્યાનમાં આવી હતી. પરિણામે ભારે અફરાતફરી મચી ગઈ હતી અને તુરંત જ ફિઝીક્સના પાઠ્યપુસ્તકનું વેચાણ બંધ કરાવવામાં આવ્યું છે. સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને નવું પુસ્તક આપવામાં આવનાર છે. પણ ખાનગી શાળાના વિદ્યાર્થીઓ માટે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

આ ઘટના અંગે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઊંડી તપાસ કરવામાં આવે તેવી માંગણી થઇ રહી છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય માટે જરૂરી એવા પાઠ્યપુસ્તકના કામમાં આવી ગંભીર ભૂલ કેવી રીતે રહી ગઈ અને હજારો પુસ્તક છપાયા પછી જ કઈ રીતે ખબર પડી તેની ઊંડી અને

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

## અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદને પગલે તંત્ર એલર્ટઃ તા.૮ અને ૯નાં રોજ દરિયો ન ખેડવા માછીમારોને તંત્રની ચેતવણી



**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૬
ગુજરાતમાં ફરી એકવાર મોટાપાયે વરસાદી સિસ્ટમ સક્રિય થઇ હોવાથી આવનારા પાંચ દિવસ દરમ્યાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ ભારે વરસાદની શક્યતાને પગલે સ્થાનિક પ્રશાસન એલર્ટ થઇ ગયું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદની સંભાવના છે.

હવામાન ખાતાએ જણાવ્યા મુજબ અષાઢની જેમ વરસાદની નવી સિસ્ટમ સક્રિય થઇ છે. જેથી ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. તા.૮ અને ૯ ઓગસ્ટ બે દિવસ દરિયામાં ન જવા માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૭૭ તાલુકાઓમાં વરસાદ થયો છે. સૌથી વધુ છોટા ઉદેપુરના કવાંટમાં ૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. નવસારીનાં જલાલપોરમાં પાંચ ઇંચ, સાબરકાંઠાના વડાલીમાં સાડા ચાર, કપડવંજ, ગઢડા, જૂનાગઢ, તાલાળા, સાવરકુંડલા, નવસારી, મહુઆમાં ત્રણથી ચાર ઇંચ વરસાદ પડ્યો છે. રાજ્યમાં સીઝનનો કુલ ૨૪ ઇંચ વરસાદ પડી ગયો છે.

સૌથી વધુ કચ્છમાં ૨૧ ઇંચ, ઉત્તર ગુજરાતમાં ૧૯, મધ્ય ગુજરાતમાં ૨૦, સૌરાષ્ટ્રમાં ૧૮ અને દક્ષિણ ગુજરાતમાં ૫૦ ઇંચ વરસાદ થઇ ચુક્યો છે. રાજ્યમાં ચાલુ વર્ષે અંદાજે ૭૦.૨૪ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. આજે રાહત કમિશનર પી.સ્વરૂપે એક ખાસ બેઠકમાં વર્ચ્યુઅલ હાજરી આપી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. ગુજરાતના જળાશયોમાં કુલ ૭૯.૩૭ ટકા જેટલો પાણીનો જથ્થો આવી ગયો છે. રાજ્યમાં હજુ એનડીઆરએફની ૧૩ ટીમો તૈનાત છે.

સરદાર સરોવર, નર્મદા ડેમની સપાટી ૧૦ સેમી વધી છે. હાલ ડેમની કુલ સપાટી ૧૩૨.૪૮ મીટર પર પહોંચી છે.(૨.૧૨)

# ૫૭ ડેમોમાં હાઈએલર્ટ, ૧૦માં એલર્ટ

## જામનગરનો વાગડિયા, કુતિયાણાનો કાલીન્દ્રી, ગોંડલનો વેરી, વિસાવદરનો ઝાંઝશ્રી, તાલાળાનો હિરણ-૧, ધારીનો ખોડિયાર, જામકંડોરણાનો ફોફળ-૧ વગેરે ડેમ છલોછલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬
ગુજરાતમાં જુલાઈમાં અનરાધાર વરસાદ થયા બાદ ઓગસ્ટમાં પણ મેઘસવારી ચાલુ રહી છે. રાજ્યના તમામ ૨૫૧ તાલુકાઓમાં પાંચ ઇંચથી વધુ વરસાદ થઇ ગયો છે. હજુ ચોમાસાનો દોઢેક માસનો સમય બાકી છે. આજે સવાર સુધીમાં રાજ્યમાં સરેરાશ ૭૪.૭૪ ટકા વરસાદ થઇ ગયો છે. ૨૦૬ પૈકી ૫૭ ડેમ ૧૦૦ ટકા ભરાઇ જતા હાઇએલર્ટ પર મૂકાયા છે. ૧૦ ડેમોમાં ૯૦ ટકાથી વધુ પાણી હોવાથી એલર્ટ પર છે. હાલની સ્થિતિએ વરસાદી પાણીની આવક સંતોષકારક છે.

કચ્છમાં ૧૨૧.૬૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૭.૫૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૮૬.૨૭ ટકા, મધ્ય ગુજરાતમાં ૬૫.૪૫ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૬૨.૪૫ ટકા વરસાદ નોંધાયો છે. ૧૪ તાલુકાઓમાં ૫ થી ૧૦ ઇંચ વરસાદ નોંધાયો છે. બાકીના ૨૩૭ તાલુકાઓમાં ૧૦ ઇંચથી વધુ વરસાદ થઇ ગયો છે.

ગુજરાતની જીવાદોરી ગણાતા નર્મદા ડેમમાં કુલ જળસંગ્રહ ક્ષમતાનું ૭૯.૩૭ ટકા પાણી છે. નર્મદા સિવાઇ રાજ્યમાં ૨૦૬ ડેમો છે. તે પૈકી ૩૫ ડેમો છલોછલ થઇ ગયા છે. જેમાં સૌરાષ્ટ્રના ૧૪, કચ્છના ૧૨, દક્ષિણ ગુજરાતના ૮, મધ્ય ગુજરાતના ૧ ડેમનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રમાં ડેમોમાં કુલ સંગ્રહ ક્ષમતા પૈકી ૫૮.૭૫ ટકા જળજથ્થો ઉપલબ્ધ છે.(૯)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

## કેજરીવાલ જામનગરમાં



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે બપોરે જામનગર આવી પહોંચ્યા છે. વેપારી આગેવાનોની બેઠકમાં કોઇ મહત્વની જાહેરાત થવાની સંભાવના છે.

# ધો.૧૦ની પુરક પરીક્ષાનું પરિણામ ૨૪.૭૨ ટકા

## વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓનું પરિણામ વધુ ઊંચું રહ્યું



**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૬
ગુજરાતમાં લેવાયેલી ધો.૧૦ની પુરક પરીક્ષાનું પરિણામ ૨૪.૭૨ ટકા આવ્યું છે. કુલ ૧૫૮૬૮૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં નોંધાયા હતા. જેમાંથી ૧૪૦૫૦૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કુલ ૩૪૭૩૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જયારે વિદ્યાર્થીનીઓનું પરિણામ ૨૬.૨૫ ટકા અને વિદ્યાર્થીઓનું પરિણામ ૨૩.૭૨ ટકા રહ્યું છે.

દિવ્યાંગ વિદ્યાર્થીઓને ૨૦ ટકા પાસીંગ ધોરણે પાસ કરવામાં આવે છે. એવા ૧૮૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

માર્ચ- એપ્રિલ ૨૦૨૨ માં બેઝીક ગણિત સાથે પાસ થયેલા ઉમેદવારો જેઓ સ્ટાનડર્ડ ગણિત સાથે પૃથક ઉમેદવારો તરીકે પરીક્ષા આપવા માટે નોંધાયા હતા. તેવા ૩૩૬૭ ઉમેદવારો પૈકી ૩૧૯૧ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૨૮૬ પાસ થયા છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષાનું પરિણામ પણ જાહેર કરાયું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૬૨.૭૨ ટકા આવ્યું છે. જયારે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૨૯.૨૯ ટકા રહ્યું છે. પહેલીવાર રાજયમાં પુરક પરીક્ષાનું આટલું ઊંચું પરિણામ આવ્યું છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પરીક્ષા આપનાર ૩૭૪૫૭ વિદ્યાર્થીઓમાંથી ૨૩૪૯૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. વિદ્યાથીનીઓનું પરિણામ ૬૮.૯૩ ટકા રહ્યું છે અને વિદ્યાર્થીઓનું ૫૮.૮૬ ટકા રહ્યું છે.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

## WhatsApp કરો

### તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**

**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

## સાબુ બનાવતા શાપરના એક કારખાનામાં સગીરના પગ ઉપર મશીન પડવા મામલો

# કારખાનેદારો પર આકરી કાર્યવાહી કરાશે કે ભીનું સંકેલાશે ??





**સમગ્ર પ્રકરણથી બચવા કારખાનેદારોએ વગ ધરાવતા લોકોનો સહારો પણ લીધોઃ સમગ્ર મામલાની તટસ્થ તપાસ થઈને સગીર અને તેના પરિવારને ન્યાય મળવો જરૂરી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

થોડા સમય પહેલા શાપર સ્થિત એક કારખાનામાં મોટો અકસ્માત સર્જાયો હતો. સાબુ અને એસિડ બનાવતા એક કારખાનામાં એક મશીન ફેરવતી વખતે આ મશીન એક સગીર પર પડ્યું હતું અને તનો જમણો પગ ભાંગી ગયો હતો. તો તેને તાત્કાલીક દોશી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને ત્યાં કારખાનેદારોની પોલ ન ખુલે માટે બાઇક અકસ્માત લખાવી દેવામાં આવ્યો હતો અને પરીવાર જનોને પણ કહી દીધું કે કોઇએ પૂછે તો બાઇક અકસ્માત જ કહેજો કારખાનાનું નામ ન આવે અમે સારવારના પૈસા પુરા પાડશું પરંતુ થોડા સમય પછી કારખાનેદારોએ સાથે મળીને રૂપિયા ચુકવવાની મનાઇ ફરમાવી દીધી અને કહી દીધું કે જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરો અમને કંઇ ફરક નથી પડતો તો ૨૫ વારીયા કોઠારીયા સોલવન્ટ, શીતળાધારા ગોંડલ રોડ પર રહેતા સગીરના માતા રૂપાબેન મુનાભાઇ વારાએ કારખાનેદાર દિવ્યેશ અને ચિરાગ સામે પો.કમિશનરમાં અને એસપી કચેરીમાં અરજી કરી હતી. ભોગ બનનાર કરણની માતા રૂપાબેને જણાવ્યું હતું કે, છેલ્લા એક મહિનાથી અમે પોલીસ સ્ટેશનના ધક્કા ખાઇએ છીએ અને અનેક અરજીઓ કરી છતાં પણ કારખાનેદારનું પોલીસ સાથે મિલીભગત હોવાથી કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી કે ન્યાય પણ અપાતો નથી. શાપર પોલીસ સ્ટેશને ફરિયાદ લખાવવા ગયેલ હોવા છતાં પણ ફરિયાદ પણ સ્વીકારવામાં આવતી નથી અને કહેવામાં આવે છે. પુરાવા લઇને આવો પુરાવા લઇને જાઇએ તો પણ ફરિયાદ સ્વીકારવામાં આવતી નથી અને કાઢી મુકવામાં આવે છે. એવો આક્ષેપ કર્યો છે. અમે હવે ન્યાય મેળવા માંગીએ છીએ. અમારી પરિસ્થિતિ ખુબ જ ખરાબ છે. આજી પરિસ્થિતિમાં અમારા પુત્રની આ હાલત થઇ છે અને કારખાનેદારોએ ખોટા વચનો આપીને ઉચા હાથ કરી દીધા છે. આ મામલે તટસ્થ તપાસ જરૂરી છે અને કારખાનેદાર સામે અરજી અંતર્ગત તપાસ થશે કે ભીનું સંકેલાશે તે જોવાનું રહ્યું.



# જામનગરમાં લમ્પી વાયરસ સેન્ટરની મુલાકાત લેતા મુખ્યમંત્રી



**પશુધનની તાકીદે સારવાર અને વેક્સિનેશન માટે અધિકારીઓને કડક આદેશઃ રૂ.30 લાખના ખર્ચે બનેલા સેન્ટરમાં લમ્પીગ્રસ્ત પશુધનની સારવાર અને રસીકરણ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

જામનગર, તા.૬

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આજે જામનગર જિલ્લામાં લમ્પી વાયરસની સ્થિતિનું નિરીક્ષણ કરવા અર્થે શહેરની મુલાકાતે છે ત્યારે જામનગર મહાનગપાલિકા દ્વારા શહેરના ગોલ્ડન સિટી પાછળ, સોનલનગર ખાતે લમ્પી 'વાયરસ સારવાર કેન્દ્ર' ઊભું કરવામાં આવ્યું છે જેની મુખ્યમંત્રીએ મુલાકાત લઈ પશુઓની સારવાર માટે ઊભા કરવામાં આવેલી તમામ પ્રકારની સુવિધાઓનું નિરીક્ષણ કરી લગત અધિકારીઓ તેમજ પશુપાલન વિભાગને જરૂરી સૂચનો કરી પશુઓની યોગ્ય રીતે કાળજી લેવા જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જે લમ્પી વાયરસ સારવાર કેન્દ્રની મુલાકાત લીધી છે તે સેન્ટર જામનગર મહાનરપાલિકા દ્વારા રૂ.30 લાખના ખર્ચે ૫૦ હજાર ચોરસફૂટની જગ્યામાં ઊભું કરવામાં આવ્યું છે. આ સેન્ટરમાં શહેરના લમ્પી વાયરસ અસરગ્રસ્ત પશુઓની સારવાર કરવામાં આવશે તેમજ વેકિસનેશન અને પશુ એમ્બ્યુલન્સની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. જયાં સુધી અસરગ્રસ્ત પશુ તંદુરસ્ત ન થાય ત્યાં સુધી તેના રહેઠાણ અને ખોરાકની વ્યવસ્થા અંગેની પણ આ સેન્ટર પર કાળજી લેવામાં આવશે.

જામનગર જિલ્લામાં નોંધાયેલા ૧૩૮૧૭૬ પશુધન પૈકી અત્યાર સુધી ૧૧૦૪૫૬ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ અસરગ્રસ્ત તમામ ૫૪૦૫ પશુઓને પશુપાલન વિભાગ દ્વારા સારવાર આપવામાં આવી છે.

મુખ્યમંત્રીની આ મુલાકાત દરમિયાન પશુપાલન, ગૌસંવર્ધન સહકાર વિભાગના સેક્રેટરી ડો. કે.એમ. ભિમજીયાણી, કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યમંત્રી બ્રીજેશભાઇ મેરજા, મેયર બીનાબેન કોઠારી, ધારાસભ્ય આર.સી.ફળદુ, ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ જાડેજા, કલેકટર ડો. સૌરભ પારઘી, કમિશનર વિજય ખરાડી, જિલ્લા વિકાસ અધિકારી મિહિર પટેલ, પશુપાલન વિભાગના નાયબ નિયામક અને જામનગર જિલ્લાના નોડલ ઓફિસર ડો. અમિત કાનાણી, પશુપાલન વિભાગના અધિકારીઓ, જામનગર મહાનગપાલિકા તથા જિલ્લા વહીવટી તંત્રના પદાધિકારી, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ જિલ્લામાં કુલ ૧૬,૮૨૭ લોકોનું કરાયું કોવિડ વેકિસનેશન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ તા.૬

આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણીના ભાગરૂપે ૭૫ દિવસ સુધી મફત કોવિડ વેકિસન બુસ્ટર ડોઝ લગાવવાનું અભિયાન ચાલી રહ્યું છે ત્યારે તા.૦૫ ઓગસ્ટના રોજ સાંજ સુધીમાં બુસ્ટર ડોઝ તેમજ પહેલા કે બીજા ડોઝ મળીને રાજકોટ કોર્પોરેશન વિસ્તારમાં ૯,૧૮૯ લોકોએ તેમજ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૭,૬૩૮ લોકોએ વેકિસનનો ડોઝ લીધો હતો. આમ, રાજકોટ જીલ્લામાં કુલ ૧૬,૮૨૭ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટ જિલ્લાના ૪ ડેમોમાં નવા નીરની આવક

રાજકોટ, તા.૬ રાજકોટ જિલ્લામાં વરસાદના પગલે વિવિધ જળાશયોમાં નવા નીરની આવક થઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભાદર ડેમમાં ૦.૨૬ ફૂટ, વેણું-૨ ડેમમાં ૦.૧૬ ફૂટ, આજી-૩ ડેમમાં ૦.૦૩ ફૂટ તથા ભાદર-૨ ડેમમાં ૦.૮૨ ફૂટ જેટલો વધારો પાણીની આવકમાં થયો છે. આમ, જિલ્લાનાં ૪ ડેમોમાં નવા નીરની આવક થઈ છે. તેમ રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયું છે.

# મનોવિજ્ઞાન ભવનમાં નારી વંદન ઉત્સવ



**મહિલા નેતૃત્વ દિવસ અંતર્ગત તજજ્ઞો દ્વારા માહિતીસભર વકતવ્ય અને માર્ગદર્શન અપાયા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

મનોવિજ્ઞાન ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંનારી ઉત્સવ અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમા ડો.બી.ડી. ઢીલા (અધ્યક્ષ, મનોવિજ્ઞાન ભવન, ચિલ્ડ્રન યુનિવર્સિટી), ભવન અધ્યક્ષ ડો. યોગેશ જોગસણ, દહેજ પ્રતિબંધક અધિકારી સોનલબેન અને સીમાબેન, કાઉન્સેલર ૧૮૧ અભયમ હેલ્પ લાઈનના કૃપાલીબેન ત્રિવેદી, પોલીસ કોન્સ્ટેબલ રીંકલબેન મોલિયા, ભવનના અધ્યાપકો ધારા દોશી, ડિમ્પલ રામાણી, મીરા જેપાર, હસમુખ ચાવડા તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે તજજ્ઞ મહાનુભાવોએ જણાવ્યું કે નારી સક્ષમ હોય તો નેતૃત્વ થાય, નબળા નેતૃત્વ ન કરી શકે. નારી અબળા નહીં પણ સબળા છે. નારીને ખુલ્લું આકાશ મળે ત્યારે તેને પચાવવાની શક્તિ પણ કેળવવી પડે છે. તેમને કહ્યું કે આજે સમાજ બદલ્યો છે પણ માનસિકતા બદલી નથી. એક સર્વેની વાત જણાવતા કહ્યું કે માંડ ૩૭% વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે જોડાઈ શકે છે. અને તેમાં બહેનો વધુ છે. તેથી સમાજે બહેનોના નેતૃત્વનો સ્વીકાર કરવો પડશે. આજે સ્ત્રીઓને આઝાદી મળી છે તો સાથે તેને જવાબદારી લેતા પણ શીખવું પડશે. સ્વતંત્રતાને સ્વચ્છંદતા ન બનાવવી.સક્ષમતા જ સ્વનિર્ભરતા છે તો દીકરીઓએ સ્વનિર્ભર થવાની જરૂર છે.

# મનપા દ્વારા વોર્ડ નં.૧૪ અને ૧૫ માં આઠમાં તબક્કાનો 'સેવાસેતુ' કાર્યક્રમ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર દ્વારા પ્રજાની લાગણી, માંગણી, અપેક્ષા પૂર્ણ કરવાના શુભ હેતુથી સરકારની જુદી જુદી યોજનાઓ સંબંધે લાભાર્થીઓને ઘર આંગણે સુવિધા મળી રહે તેવા શુભ હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિશેષ તબક્કાનો 'સેવા સેતુ' કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને મહાનગરપાલિકા દ્વારા પણ મહાનગરપાલિકાને લગત જુદી જુદી સેવાઓ અંગેના નગરજનોના પ્રશ્નો તેમજ સરકારની યોજનાઓ વગેરેના નિકાલ માટે જુદી જુદી તારીખોએ વિશેષ તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ યોજવાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા



આજે વોર્ડ નં.૧૪ અને ૧૫માં રહેતા શહેરીજનોના લાભાર્થે આઠમાં તબકકાના સેવાસેતુનો કાર્યક્રમ સવારે ૯ કલાકે સોરઠીયાવાડી ગાર્ડન પાસે આવેલ ગુજરાત કામદાર કલ્યાણ સેન્ટર, કોઠારીયા કોલોની ખાતે યોજાયો. આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ તથા મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન.મેયર ડો.પ્રદિપ ડવ રહેલ.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, તેમજ શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, વોર્ડના કોર્પોરેટરઓ, પ્રભારી, પ્રમુખ અને મંત્રીઓ, શહેર સંગઠનના હોદ્દેદારો, નાયબ મ્યુનિ. કમિશનર આશિષકુમાર, સી.કે. નંદાણી, મ્યુનિ.સેક્રેટરી ડો. રૂપારેલીઆ, આસી. કમિશનર એચ.કે.કગથરા, વી. એસ. પ્રજાપતિ, ડે.સેક્રેટરી એચ.ડી.લખતરીયા, પી.એ. ટુ ચેરમેન સ્ટે.કમિટી એચ.જી.મોલીયા, આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણી, નાયબ આરોગ્ય અધિકારી ડો. મનિષ ચુનારા તેમજ રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેલ.

બાદમાં, મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે જુદીજુદી સરકારી યોજનાઓના લાભાર્થીઓને આર્થિક સહાયના પ્રતિકરૂપે ચેક, પ્રમાણપત્રો, કાર્ડ વગેરે એનાયત કરવામાં આવેલ.આ કાર્યક્રમની શરૂઆતમાં વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર નિલેશભાઈ જલુએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ તેમજ કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી. તેમજ વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર અને હાઉસિંગ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા તથા કોર્પોરેટર ભારતીબેન મકવાણા દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોને પુસ્તક અર્પણ કરી, સ્વાગત કરેલ. કાર્યક્રમના અંતે સહાયક કમિશનર એચ.કે.કગથરા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

### રાજકોટ જિલ્લા ભાજપ અને શહેર કિસાન મોરચા દ્વારા

# 'નમો કિસાન પંચાયત' અંતર્ગત બેઠક યોજાઈ



**સરકાર દ્વારા ખેડૂતોનાં કલ્યાણ માટે લેવાયેલા નિર્ણયો, યોજનાઓ અને નીતિઓ વિશે કરાઈ ચર્ચા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

રાજકોટ જિલ્લા ભાજપના અધ્યક્ષ મનસુખભાઇ ખાચરિયાના માર્ગદર્શન હેઠળ અને મહામંત્રી મનીષભાઈ ચાંગેલાના અધ્યક્ષ સ્થાને 'નમો કિસાન પંચાયત' વિષય અંતર્ગત રાજકોટ જીલ્લા તથા શહેર ભાજપા કિસાન મોરચાના કાર્યકર્તાઓની બેઠક રાજકોટ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાઈ.

આ બેઠકમાં ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા, પ્રદેશ કિસાન મોરચા મહામંત્રી હિરેનભાઈ હિરપરા, જીલ્લા કિસાન મોરચા પ્રભારી સી.પી.સરવૈયા, પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટ, જીલ્લા ભાજપ મહામંત્રી મનીષભાઈ ચાંગેલા, જૂનાગઢ જીલ્લા કિસાન પ્રભારી વલ્લભભાઈ રામાણી, જીલ્લા કિસાન મોરચા પ્રમુખ કમલેશભાઈ રોકડ, રાજકોટ શહેર કિસાન મોરચા પ્રમુખ ભરતભાઈ શીંગાળા, જીલ્લા કિસાન મોરચા મહામંત્રી ચેતનભાઈ ચપલા, અમિતભાઈ પડાળીયા, રસિકભાઈ પટેલ, યોગેશભાઈ ભુવા, રસિકભાઈ સાવલિયા, રાજેનભાઈ સિંધવ, રાજકોટ તાલુકા પ્રમુખ બાબુભાઈ નસીત, કોટડાસાંગાણી તાલુકા પ્રમુખ જસમતભાઈ સાંગાણી, રાજકોટ તાલુકા મહામંત્રી ગૌરવસિંહ જાડેજા, શૈલેશભાઈ વઘાસીયા તેમજ જીલ્લા તેમજ શહેર કિસાન મોરચાના હોદ્દેદારઓ, મંડલ તેમજ વોર્ડના પ્રમુખ, મહામંત્રીઓ સહીત કિસાન મોરચાના કાર્યકર્તાઓની ઉપસ્થિતિમા ચર્ચા કરાઈ હતી.

આ તકે તેઓએ કહ્યું હતું કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયમાં આગામી ૨,સપ્ટેમ્બરથી ભાજપા પ્રદેશ કિશાન મોરચા દ્વારા રાજ્યભરમાં નમો કિસાન પંચાયત યોજાવાની છે. કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા કિસાનોના કલ્યાણ માટે લેવાયેલ વિવિધ નિર્ણયો અને અમલી યોજનાઓ અને નીતિઓ અંગે વિચાર વિમર્શ થાય અને મહત્તમ સંખ્યામાં કિસાનો આ યોજનાઓથી અવગત અને લાભાન્વિત થાય તે હેતુ સાથે નમો કિસાન પંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપનો પ્રત્યેક કાર્યકર ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત બેઠકો કરીને કિસાનોને સરકાર દ્વારા મળતા લાભોથી અવગત કરાવીને કિસાનોને સરકારની સહાય વધુમાં વધુ સહેલાઈથી મળી રહે તે અંગેનું સુચારૂ આયોજન કરવા અનુરોધ કર્યો હતો. તમામ તાલુકામાં કિસાન પ્રહરી અને સંયોજક શકિત કેન્દ્ર સહ નિમણુંક કરવા અપીલ કરી હતી.

# નવનિયુક્ત શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દિપ્તીબેન સોલંકીનો શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પદગ્રહણ કાર્યક્રમ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

તા.૫મી ઓગસ્ટના રોજ નવનિયુક્ત શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દિપ્તીબેન સોલંકીનો શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પદગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપ ત્રિવેદી, કાર્યકારી પ્રમુખ સંજય અજુડિયા, રાજકોટ મનપાના વિપક્ષીનેતા ભાનુબેન સોરાણી, પ્રદેશ મહામંત્રી અશોક ડાંગર, મહેશભાઈ રાજપૂત, જસવંતસિંહ ભટ્ટી, દિનેશભાઈ મકવાણા, ભરતભાઈ મકવાણા, ફ્ન્ટલ સેલના ચેરમેનો નરેશભાઈ સાગઠીયા, ઘનશ્યામભાઈ મકવાણા, વોર્ડ પ્રમુખો ગીરીશભાઈ ઘરસંડિયા, કેતનભાઈ તાળા, જગદીશભાઈ સખીયા, નારણભાઈ



હીરપરા, પ્રહલાદસિંહ ઝાલા, પૂર્વ કોર્પોરેટરો રસીલાબેન ગરેયા, નીલેશભાઈ મારૂ તેમજ ઠાકરસીભાઈ ગજેરા, શૈલેશભાઈ રૂપાપરા, મથુરભાઈ માલવી, પરસોતમભાઈ સગપરીયા, અજીતભાઈ વાંક, રવિભાઈ ડાંગર, દીપભાઈ ભંડેરી, સલીમભાઈ કારીયાણીયા, ચેતનભાઈ માણસુરિયા, અરવિંદ મુછડિયા, મનોજ ગઢવી, સંકેત રાઠોડ, હીરાભાઈ ચાવડા અને ચંદ્રિકાબેન વરાણીયા, સરોજબેન રાઠોડ, જયાબેન ચૌહાણ, શાંતાબેન મકવાણા, જયોત્સનાબેન ભટ્ટી, મીનાબેન જાદવ, હંશાબેન સાપરિયા સહિતના કાર્યકરો ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.






## કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન છઠ્ઠા એડી. સીવીલ જજ એન્ડ એ.એમ.એફ.સી. જજશ્રી એ.એમ. ઓઝા સાહેબની કોર્ટમાં ફો.પ.અ.નં.૬૬૬/૨૦૨૨ ના કામના અરજદાર મિરાસી મિતલબેન કાસમખાનએ પોતાના પુત્ર-નવાજ ની જન્મ તારીખ ૧૦-૦૩-૨૦૧૬ ની નોંધ જન્મ નોંધ રજીસ્ટરે કરાવવા તેમના વકીલ કલ્પેશ એલ. સાકરીયા મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. સદર અરજીની હવે પછીની મુદત તા.૧૨-૦૯-૨૦૨૨ ની મુકરર કરવામાં આવેલ છે. આ અરજી સાથે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ તા.૧૨-૦૯-૨૦૨૨ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે અત્રેની કોર્ટમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્યથા અરજી અન્વયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા.૦૫-૦૮-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો લગાવેલ છે.

તૈયાર કરનાર
**મેઘના મશરૂ**
**આસીસ્ટન્ટ**

કોર્ટનો સીક્કો

**હુકમથી**
**(સંદીપ એન.ભટ્ટ)**

## તંત્રી સ્થાનેથી...

### પ્રાકૃતિક કૃષિ આજના સમયની માંગ..

રાયપાલએ જણાયું હતું કે, ભારતના પ્રધાનમંત્રી નરેદ્રભાઈ મોદીએ ખેડૂતોના ઉત્કર્ષ માટે અને કૃષિને આત્મનિભર્ર બનાવવા માટે અનેકિવધ પગલાં ભર્યા છે, એટલું જ નહીં ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે તેમણે દેશભરના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે. રાયપાલએ હિરત ક્રાતિં માટે રાસાયિણક કૃષિને તે સમયની માંગ ગણાવી હતી. પરંતુ હવે રાસાયિણક કૃષિના દુષ્પરિણામો સામે આવી રહ્યા છે. તેમણે જણાયું હતું કે, રાસાયિણક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણ દૂષિત થાય છે.

રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીન બંજર બનતી જાય છે, કૃષિ ખર્ચ સતત વધતો જાય છે. ઉત્પાદન ઘટતું જાય છે, પરિણામે ખેડૂતોની આથિર્ક સ્થિતિ કથળી છે. રાસાયણિક કૃષિથી ઉત્પાદિત પ્રદૂષિત આહારને આરોગવાથી લોકોના સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા સર્જાઈ છે. રાસાયિણક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ આજના સમયની માંગ છે કારણ કે, પ્રાકૃતિક કૃષિમાં નહિવત ખર્ચ થાય છે અને ઉત્પાદન ઘટતું નથી. પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પયાર્વરણ ઉપરાંત લોકોના સ્વાસ્થ્યની રક્ષા થાય છે, એમ પણ રાયપાલએ જણાયુ હતું.

આ પ્રસંગે રાયપાલએ પ્રાકૃતિક કૃષિના બીજામૃત, ઘનજીવામૃત, જીવામૃત, આછાદન, વાપ્સા અને મિશ્રપાકના સિધ્ધાંતોને સમજાવી આ ખરીફ ઋતુમાં ખેતરમાં વાવેલાં પાકમાં દેશી ગાયના છાણ-ગૌમૂત્ર, બેસણ, ગોળ અને માટીના પાણીમાં બનાવેલા મિશ્રણ થી બનતા જીવામૃતને પાણી સાથે આપવા તેમજ જીવામૃતના પાણીમા બનાવેલા મિશ્રણનો દર પંદર દિવસે છોડ ઉપર છંટકાવ કરવા ખેડૂતોને અનુરોધ પણ કય હતો. તેમણે જણાયું હતું કે, રાસાયિણક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીનનો ઓગેર્નિક કાબર્ન નાશ પામે છે અને જમીન બિન-ઉપજાઉ બને છે. જયારે પ્રાકૃતિક કૃષિમાં જમીનમાં સૂક્ષ્મ જીવાણું અને અળિસયાં જેવા મિત્ર જીવોની વૃધ્ધિ થવાથી જમીનના ઓગેર્નિક કાબર્નની માત્રામાં વધારો થાય છે અને જમીન ફળદ્રુપ બને છે.

રાયપાલએ જૈવિક અર્થાત ઓગેર્નિક કૃષિ અને પ્રાકૃતિક કૃષિને સાવ અલગ ગણાવી જણાયું હતું કે, જંગલમા વૃક્ષો અને વનસ્પતિને કોઈ જાતનું રાસાયિણક ખાતર કે જંતુનાશકો આપવામાં આવતા નથી છતાં તેની કુદરતી રીતે વૃધ્ધિ થાય છે. એ જ નિયમથી ખેતરમાં ખેતી થાય તે પ્રાકૃતિક કૃષિ છે.

### પત્ની માવતરે ચાલી જતાં પતિએ ઝેર પીધુ

મોરબીમાં આવેલા ખત્રીવાડમાં રહેતો યાસીન રહીમભાઈ શેખ (ઉ.વ.૪૨) પોતાના ઘરે હતો ત્યારે મધરાત્રે ઝેરી દવા પી લેતાં બેશુધ્ધ હાલતમાં મોરબી બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં યાસીન શેખ બે ભાઈમાં મોટો અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. યાસીન શેખને તેની પત્ની નીમાબેન સાથે અણબનાવ બનતા પત્ની ત્રણેય સંતાનોને લઈને ચાલી જતાં યાસીન શેખે ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે મોરબી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેતરમાં ચાલવાની ના પાડતાં યુવક પર પિતરાઈ ભાઈઓનો છરીથી હુમલો

### ચોટીલાના રાજપરામાં ખેતરમાં ઘરાર પ્રવેશતા પિતરાઈ ભાઈઓને ટપારતાં ભરત કોળી પર મહિલાઓ સહિતના શખ્સો લાકડી અને છરીથી તૂટી પડ્યાઃ સારવારમાં રાજકોટ સિવિલે ખસેડાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ચોટીલાના રાજપરામાં ખેતરમાં ચાલવાની ના પાડતાં પિતરાઈ ભાઈ સહિત ચાર શખ્સોએ છરી અને પાઈપથી હુમલો કરતાં સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પ્રાપ્ત વિગત અનુસાર ચોટીલાના રાજપરામાં રહેતાં ભરતભાઇ વાલજીભાઈ દુધરેજીયા (ઉ.વ.૨૬) ગત રોજ પોતાની વાડીએ હતાં ત્યારે તેમની વાડીમાંથી ધરારથી ચાલતા તેના પિતરાઈ ભાઈ ભરત દુધરેજીયાને ફોન કરી મારી વાડીમાંથી તારે ચાલવું નહીં તેમ કેહતા તે ઉશ્કેરાયો હતો અને ફોનમાં ગાળો આપી ભરતભાઇ ની વાડીએ ઘસી જઇ ઝઘડો કરી છરી ઝીંકી દીધી હતી.

જે બાદ પાછળથી ઘસી આવેલા હુમલાખોર ભરતનો ભાઈ મૂળુ દુધરેજીયા તેની પત્ની રમાબેન અને માતા જનાબેન સહિતના શખ્સોએ આવી પાઈપથી હુમલો કરી નાશી છૂટ્યા હતા. જે બાદ ઇજાગ્રસ્તને લોહીલુહાણ હાલતમાં સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે મોટી મોલડી પોલીસને જાણ કરી હતી. વધુમાં ઇજાગ્રસ્ત યુવકના ભાઈએ જણાવ્યું હતું કે, અમારા ખેતરમાં હુમલાખોર ભરતનો રસ્તો ન હોવા છતાં ધરારથી પ્રવેશ કરતા હતાં જેમને ટપરતાં હુમલો કર્યો હતો.

## કુંડલીયા કોલેજ દોડ સ્પર્ધામાં ઝળકી




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૬:

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યોજાયેલ ઓપન સૌરાષ્ટ્ર ક્રોસ કન્ટ્રી ૧૦ કિમી દોડ યોજાયેલ હતી. જેમાં એમ.જે.કુંડલીયા આર્ટ્સ એન્ડ કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થીની કું ભાર્ગવી જસવંતભાઇ પાટડિયા એ પ્રથમ સ્થાન પ્રાપ્ત સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી -૨૦૨૧ બેંગ્લોર ખાતે નેશનલ યોજાયેલ હતી. તેમાં પણ પસંદગી પામેલ હતા. તેમજ તાજેતરમાં પંજાબ ખાતે ૨૧ દિવસનો એન.સી.સી. દ્વારા રાઇફલ શુટિંગનો કેમ્પ યોજાયેલ હતો તેમાં સારૂં પ્રદર્શન કરીને કોલેજનું ગૌરવ વધારેલ છે. કોલેજના ટ્રસ્ટી અલ્પનાબેન ત્રિવેદી પ્રિન્સીપાલ સ્મિતાબેન ઝાલા અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. તે પ્રસંગની તસ્વીરી ઝલક.

## ચોરાઉ ગણાતા પિત્તળના ભંગાર સાથે એકની કરાઈ અટકાયત




સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
ADVERTISING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
મિનિમમ ૫ લાઈન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


## રાજકોટ ક્રાઈમ

### ઢીકાપાટુનો માર મારતા સિવિલમાં દાખલ

એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર-૫માં રહેતાં અરૂણ વિનોદભાઇ રાઠોડ (ઉ.વ.૧૮)ને સાગર પરમાર, મનિષાબેન સહિતે કોઇ કારણે ઢીકાપાટુનો માર મારતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં માલવીયાનગર પોલીસને જાણ કરવામાં આવી હતી.

### સીડી પરથી પડી જતા પ્રૌઢનું મોત

રાજકોટ :રૈયા રોડ પર હનુમાન મઢી પાસે અલ્કાપુરી શેરી નં. ૬માં રહેતાં વિનોદરાય વલ્લભદાસ અખેડીયા (સોની) (ઉ.વ.૭૫) નામના વૃધ્ધનું સીડી પરથી પડી જતાં મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વિનોદરાય સાંજે સાડા સાતેક વાગ્યે ઉપરના માળની સીડી ઉતરતી વખતે પડી જતાં ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહીં દમ તોડી દેતાં પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર વિનોદરાય છ ભાઇમાં પાંચમાં હતા. તેમને સંતાન ન હોઇ ભત્રીજા હિતેષભાઇ સાથે રહેતા હતા. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂએ ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

### જુગાર રમતા આઠ શકુની ઝડપાયા

કોટડાસાંગાણીના સોળીયામાં જાહેરમાં જુગાર રમતા આઠ શખ્સોને રૂા.૨૮ હજારની રોકડ સાથે રૂરલ એલસીબીએ દરોડો પાડી દબોચ્યા હતા. દરોડાની વિગત અનુસાર રૂરલ એલસીબી રૂરલ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.જે. રાણા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ એ.આર. ગુજરાતીને મળેલ ચોકકસ બાતમીના આધારે કોટડાસાંગાણીના સોળીયા ગામે સીમ વિસ્તારમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા રામદેવસિંહ ગંભીરસિંહ જાડેજા (ઉ.વ.૫૯), જગદીશસિંહ રણુભા જાડેજા (ઉ.વ.૬૫), વિનોદ મેરામ સોલંકી (ઉ.વ.૫૫), અંકીત રમેશ મેટાળીયા (ઉ.વ.૨૮), મુકેશ ગોવા જીંજરીયા (ઉ.વ.૩૫), હરપાલસિંહ જયપાલસિંહ જાડેજા (ઉ.વ.૪૫), જેન્તી મોહન વનાળીયા (ઉ.વ.૪૫), પરાક્રમસિંહ ક્રિપાલસિંહ જાડેજા (ઉ.વ.૫૨) (રહે. તમામ સોળીયા કોટડાસાંગાણીની પાસેથી રોકડ રૂા.૨૮ હજાર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### યુવાન પર બે શખસોનો હુમલો

રાજકોટ : રૈયા રોડ પર તીરૂપતિ ટેનામેન્ટમાં રહેતા દિનેશભાઈ રાજકુમાર પારવાણી નવા નાકા રોડ પર હતો ત્યારે અંકુર રમેશભાઈ લાખાણી અને ચિંતન રમેશભાઈ લાખાણીએ લોખંડના પાઈપ વડે હુમલો કરતા એ ડિવીઝન પોલીસે તપાસ કરતા દીનેશભાઈ સ્પીકરમાં આરતી વગાડતા હોય જેનો અવાજ ધીમો કરવા બાબતે અંકુર અને રમેશે ઝગડો કરી હુમલો કર્યો હોવાનું બહાર આવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### ગેલેરીમાંથી ઘૂસેલો તસ્કર રોકડ, ફોન ચોરી ગયો

રાજકોટ : શહેરના ત્રિલોક પાર્કમાં રહેતા અને હોલસેલ એજન્સી ધરાવતા મિલનભાઈ પ્રફુલચંદ્ર ભીમજીયાણી નામના વેપારીએ યુનીવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત 30 તારીખે રાત્રે ગેલેરીનો દરવાજો ખુલ્લો રાખી સુતા હતા સવારે ઉઠીને જોતા ૨૫ હજારનો ફોન અને ધંધાના ૩૪ હજાર ગાયબ હોય પાડોશીના સીસીટીવી ચેક કરતા શંકાસ્પદ શખસ ચોરી કરવા આવતો હોય તે નજરે પડતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

## મવડી પંચશીલનગરમાં વૃધ્ધ પર યુવાનની ધોકાવાળી

### અગાઉની ફરિયાદમાંથી મારી પત્નિનું નામ કાઢી નાંખજે કહી હુમલો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા. ૬

મવડીમાં રહેતાં રિક્ષાચાલક વૃધ્ધ રાતે જમીને શેરીના નાકે આટો મારવા ગયા ત્યારે જુના મનદુઃખને લીધે શખ્સે ધોકાથી હુમલો કરી માર મારતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

આ બનાવમાં તાલુકા પોલીસે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા મવડી ગામ પંચશીલનગર-૬/૮માં રહેતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં છગનભાઇ ટાભાભાઇ સાગઠીયા (ઉ.વ.૬૦)ની ફરિયાદ પરથી એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રેતાં પિયુષ રમેશભાઇ રાઠોડ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

છગનભાઇએ જણાવ્યું હતું કે, હું રાતે સાડા નવેક વાગ્યે જમીને ઘર બહાર શેરીના નાકે આટો મારવા ગયો હતો ત્યારે અગાઉના ઝઘડાનો ખાર રાખી પિયુષ રાઠોડ બાઇક પર આવ્યો હતો અને મારા પર ધોકાથી હુમલો કરી ગાળો દઇ હાથમાં ઇજા પહોંચાડી હતી. તેમજ વધુ ઘા ફટકારી વાંસા અને માથામાં પણ માર માર્યો હતો.

પિયુષ વિરૂધ્ધ અગાઉ અમે ફરિયાદ કરી હોઇ તેણે ફરિયાદમાંથી તેની પત્નિનું નામ કાઢી નાંખવાનું કહી જો નામ નહીં કાઢે તો સારાવટ નહીં રહે તેવી ધમકી આપી હતી.

પિયુષ સહિતના વિરૂધ્ધ અગાઉ મારા દિકરા કિરીટ સાગઠીયાએ પોલીસ ફરિયાદ કરી હોઇ તેનો ખાર રાખી આ હુમલો કરાયો હતો. હેડકોન્સ. પી. વી. જીલરીયાએ ગુનો નોંધ્યો હતો.

## ધરમનગર આવાસમાં ઘરખર્ચના પૈસા માંગતી પત્નીને પતિએ મારમાર્યો વચ્ચે પડેલી પુત્રીને પણ ઈજા

### સારવારમાં રહેલી મહિલાએ પતિ વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૬

ધરમનગર આવાસ યોજના કવાર્ટરમાં રહેતા મૂળ દાહોદના ચંદલાગામના નીરૂબેન દિનેશભાઇ કાળુભાઇ કટારા (ભીલ) (ઉ.વ.૪૦)એ ફરિયાદમાં તેમના પતિ દિનેશ કાળુ કટારાનું નામ આપતા તેઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. નિરૂબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારા પતિ દિનેશભાઇ તથા બે દિકરા તથા એક દિકરી છે અમે રાજકોટમાં છેલ્લા આઠ વર્ષથી રહીએ છીએ અને મારા પતિ આર.એમ.સીમાં ડ્રાઇવિંગ કરે છે. આજે બપોરના હું તથા મારી દિકરી ચાંદનીબેન તથા મારો દિકરો દેસરાજ અમે ઘરે હાજર હતા.

ત્યારે મારા પતિ આવેલ અને મે જણાવેલ કે ઘર ખર્ચના આ મહિનાના રૂપીયા આપો મારે દુધવાળાને તેમજ કરીયાણા વાળાને રૂપિયા ચુકવવાના હોય તેમ જણાવતા પતિએ ઉશ્કેરાઇ મને ગાળો દેવા લાગ્યા હતા. જેથી મેં ગાળો આપવાની ના પાડતા મને ડાબા ગાલ ઉપર ઝાપટ ઝીંકી દીધી હતી અને ઝપાઝપી કરવા લાગ્યા હતા અને મને પાટુ મારતા મને ડાબા પડખે વાગતા હું પડી ગયેલ હતી.

ત્યારે મારી દિકરી ચાંદની વચ્ચે પડતા મારા પતિ દિનેશભાઇ એ મારી દિકરીને લાકડી વતી માર મારવા લાગ્યા હતા અને વધુ ઝઘડો થતા તેઓ ભાગી ગયેલા અને મારી દિકરીને વાસાના ભાગે તથા મોઢે ઇજા થતા તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધવા તજવીજ આદરી છે.

### ‘રાજકોટમાં સદ્‌ભાવના વૃધ્ધશ્રમમાં ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન’

## સરકારે જિલ્લા મથકે વૃધ્ધાશ્રમ સ્થાપવાની તાતી જરૂરિયાતઃ વિજ્ઞાન જાથા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટ જામનગર રોડ ઉપર સ્ટેડીયમની સામે સદ્‌ભાવના વૃધ્ધાશ્રમમાં વૃધ્ધ ભાઈ-બહેનોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. સરકારે જિલ્લા મથકે વૃધ્ધાશ્રમ સ્થાપવાની તાતી જરૂરીયાત છે. ભારતમાં વૃધ્ધોની હાલત દયનીય સાથે ખરાબ છે તેના કારણમાં આર્થિક સ્થિતિ અતિ નબળી અનેક સમસ્યાઓમાંની એક છે. વૃધ્ધ મા-બાપ લાગણીવશ મિલ્કત- સંપત્તિની વહેંચણીમાં સાવધાની રાખે તે સંબંધી વાત મુકવામાં આવી હતી. જાથાનો ૧૦૦૦૨ મો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

જાથાનાં ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજય સરકારે જિલ્લા મથકે સરકારી વૃધ્ધાશ્રમો સ્થાપવાની તાતી આવશ્યકતા છે.

વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયા, પાર્થભાઈ, ઘનશ્યામભાઈ, અપેક્ષાબેન, માધવીબેન, અંજુબેન, બંસીબેન સહિત કર્મચારીગણોએ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

જાથાની ટીમના ઉમેશ રાવ, અંકલેશ ગોહિલ, વિનુભાઈ ઉપાધ્યાય, તુષાર રાવ, રોમિત રાજદેવ, સાહિલ રાજદેવ, હર્ષાબેન પંડયા, પ્રફુલ્લાબેન રાવ, ભક્તિબેન રાજગોર, ચંદ્રીકાબેન ચંદ્રપાલ, ભાનુબેન મનસુખભાઈ વિગેરેએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ઉમેશ રાવ અને અંકલેશ ગોહિલે કર્યું હતું. રાજ્યમાં પોતાના ગામમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ (મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯) ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## જુગારી પતિને રાત્રે જુગાર રમવા જવાની ના પાડતા પત્નીને છરી ઝીકી

### ત્રણ બાળકો હોવા છતાં શંકાઓ કરતો : મહિલા પોલીસમાં નોંધાતો ગુનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

શહેરના યુનીવર્સીટી રોડ પર તોરલ પાર્કમાં રહેતી પરિણીતાને પતિ અવારનવાર શંકાઓ કરી મારકૂટ કરતો હોય તેમજ જુગાર રમવાની કુટેવ હોય રાત્રે જુગાર રમવા જવાની ના પાડતા પતિએ છરીના ઘા ઝીંકી દેતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા મહિલા પોલીસે પતિ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ તોરલ પાર્કમાં શ્રીજી દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા શ્રદ્ધાબેન જનકભાઈ ધાંધણીયા નામની મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી તરીકે પતિ જનક લાખાભાઈ ધાંધણીયાનું નામ આપ્યું હતું ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના લગ્ન ૧૯ વર્ષ પહેલા થયા હતા સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું જણાવ્યું હતું લગ્નના ત્રણ વર્ષ બાદ પતિ ઘરખર્ચના પૈસા આપતો ન હોય તેમજ ખોટી શંકાઓ કરી મારકૂટ કરતો હોય અને શારીરિક માનસિક ત્રાસ આપતો હોય પતિને જુગાર રમવાની કુટેવ હોય જુગાર રમવા માટે જતો અને હારીને આવે એટલે ઝઘડો કરી મારકૂટ કરતો ગુરૂવારે જુગાર રમવા જવાનું કહેતા તેને રમવા જવાની ના પાડતા પતિએ છરીના ઘા ઝીકી તું કોઈને કહેતી નહી કે મેં છરી મારી છે નહિતર ઘરે પાછી મેં આવીશ ત્યારે મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જેથી સારવાર માટે હોસ્પિટલે ખસેડાતા મહિલા પોલીસ મથકના જમાદાર કે બી મકવાણાએ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

### ધ્રોલ મોડી રાત્રે મેઘ મહેરઃ ૨ ઈંચ વરસાદ નોંધાયો

ધ્રોલ, તા.૬: ધ્રોલમાં વહેલી સવારે ૨ થી ૬ મા ૨ ઈંચ વરસાદ નોંધાયો હવામાન વિભાગની આગાહી લઈ આજે વહેલી સવારે મેઘરાજાએ ધમેકાદાર એન્ટ્રી વાતાવરણ ઠંડક જોવા મળી વરસાદ પડતા ખેડુતોમાં ખુશ ખુશાલ જોવા મળ્યા હતા.




# કોંગ્રેસ ૫૮ ઉમેદવારોની યાદી જાહેર કરે તેવી શકયતા

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના હવે ગણતરીના મહિના બાકી રહ્યાં છે. ત્યારે રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. એક તરફ ભાજપ દ્વારા મતદારોને રિઝવવા સરકાર એક પછી એક નિર્ણયો લઈ રહી છે. બીજી બાજુ આમ આદમી પાર્ટી દ્વારા જોરજોરથી પ્રચાર શરૂ કરી દેવાયો છે અને રાજ્યની ૧૦ બેઠકો પર



ઉમેદવારો પણ જાહેર કરી દીધા છે. હવે કોંગ્રેસે ચૂંટણી માટે તૈયારી શરૂ કરી છે. આમ આદમી પાર્ટીની જેમ કોંગ્રેસ પણ શહેરોમાં જે સીટ પર પરાજય થયો હોય ત્યાં ઉમેદવારોના નામ વહેલા જાહેર કરવાની રણનીતિ ઘડવામાં આવી છે. અમદાવાદમાં કોંગ્રેસના કાર્યાલય ખાતે ગુજરાતના નિરીક્ષક ટી.એસ.સિંહ દેવ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મિલિંદ દેવરાની હાજરીમાં કોંગ્રેસના લોકસભાના પ્રભારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં શહેરી વિસ્તારોમાં કોંગ્રેસ સતત હારતી હોય તેવી બેઠકો પર ઝડપથી ઉમેદવારો જાહેર થાય તે વિશે ચર્ચા કરવામાં આવી હતી. ઉમેદવારોના

### લોકસભાના ઈન્ચાર્જ સાત વિધાનસભા બેઠકો પર પ્રવાસ કરશે

નામ મુદ્દે બેઠકમાં કોઈ ચર્ચા થઈ નહતી. ગમે તે ઘડીએ કોંગ્રેસ પ્રથમ યાદી જાહેર થઇ શકે છે. કોંગ્રેસની ૫૮ ઉમેદવારોની યાદી તૈયાર થઈ ચૂકી છે.ઉમેદવારનું લિસ્ટ પણ હાઇકમાન્ડને મોકલી દેવામાં આવ્યું છે. મહત્વનું છે કે છેલ્લી ૩ ટર્મથી હારતી બેઠકના ઉમેદવાર નક્કી કરી કોંગ્રેસ હારેલી સીટને કબ્જે કરવાની રણનીતિ બનાવી ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

જો કોંગ્રેસ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરે તો પ્રથમ વાર બનશે કે વિધાનસભા ચૂંટણીમાં પ્રથમવાર કોંગ્રેસ આટલી જલ્દી લિસ્ટ જાહેર કરશે; નહીં તો આમ કોંગ્રેસ ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ જ ઉમેદવારોની જાહેરાત કરતું હોય છે. ત્યારે જોવાનું એ રહ્યું કે કોંગ્રેસ આ નવા દાવથી કાઠું કાઢી શકશે કે નહીં? આ ઉપરાંત ચૂંટણી ઢંઢેરામાં શું હોવું જોઈએ તે માટે બે હજાર બેઠકોનું આયોજન કરવાનું નક્કી કરાયું છે. ૧૨૫ બેઠકના ટાર્ગેટ સાથે બુથ પર ફોકસ કરવા તાકીદ કરાઈ છે. આગામી ચૂંટણીને લઈ કોંગ્રેસે ૨૬ લોકસભા બેઠક દીઠ નીમેલા ૩૭ નિરીક્ષકો, પ્રદેશના નેતાઓ, ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. જેમાં નિરીક્ષકોને તાલુકા, જિલ્લાના આગેવાનો સાથે બેઠકો યોજી સ્થાનિક સ્તરનો અહેવાલ આપવા તાકીદ કરાઈ હતી. પક્ષમાં અંદરો અંદરની ટાંટિયાખેંચથી પર રહી એકીસાથે ચૂંટણીના કામમાં લાગી જવા કાર્યકરોને તાકીદ કરાઈ છે. લોકસભાના ઈન્ચાર્જ સાત વિધાનસભા બેઠકો પર પ્રવાસ કરશે, દરેક બેઠકનો અલગ ઢંઢેરો હશે. ઉમેદવાર જાહેર થાય તે પછી કકળાટ થાય તો ડેમેજ કંટ્રોલની જવાબદારી ઓબ્ઝર્વરની રહેશે.

### ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલના જન્મદિનની થશે પ્રેરક ઉજવણી

## ગરીબ બાળકોને કરાવાશે લકઝરીયસ કારની સફર



### મવડીના અગ્રણી ઉદ્યોગપતિ ધીરૂભાઈ સોરઠીયા દ્વારા અનોખું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

કહેવાય છે જે લોકોને સેવા કરવી હોય તેઓ સેવા કરવાનો મોકો શોધી જ લેતા હોય છે, ત્યારે રાજકોટના મવડી ગામના અગ્રણી ઉદ્યોગપતિ ધીરૂભાઈ સોરઠીયાએ રાજકોટના ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે સેવામય આયોજન કર્યું છે બપોરે ૩:૩૦ વાગ્યે મવડી ગામથી ૨૨ લકઝરીયસ કાળી ગાડીઓ નીકળશે અને એ ગાડીઓની અંદર કોઠારીયા વિસ્તારના બાળકોને બેસાડી અને રાજકોટના રેસકોર્સ રોડના વિસ્તાર પર એમને પરિભ્રમણ કરી લઇ મુસાફરી કરાવવામાં આવશે.

આમ તો કાળી ગાડીના કાફલા અને વીઆઈપી કાફલાઓ સાથે આવી ગાડી ઓમા બેસવું આ બાળકોનું એક સ્વપ્ન હોય છે ત્યારે આ સ્વપ્નને સાકાર કરવા માટે રાજકોટના મવડી વિસ્તારના ધીરૂભાઈ સોરઠીયા જહેમત ઉઠાવી રહ્યા છે. સેવાના સારથી દીપાબેન વઘાસીયાના નિર્દેશન અનુસાર લક્ષ્મીનગર, લોહા વિસ્તાર અને કોઠારીયા વિસ્તારના ઝુપડપટ્ટીમાં રહેતા બાળકોને સાડા ત્રણ વાગ્યે મવડીથી પ્રસ્થાન થયેલી ગાડીઓ ચાર વાગે રણુજા મંદિર ખાતેથી એમને પીકઅપ કરશે ત્યાંથી લક્ઝરીયસ વીવીઆઈપી ગાડીઓનો કાફલો રેસકોર્સ વિસ્તારમાં પરિભ્રમણ કરી યાજ્ઞિક રોડ થઈ અને મવડી તરફ પ્રસ્થાન કરી અને વગળ ચોકડીએ શગુન પાર્ટી પ્લોટ ખાતે વિરામ લેશે, ત્યાં ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ આ સ્લમ વિસ્તાર ના બાળકો સાથે કેક કટિંગ કરી બાળકોને ભોજન અપાવશે, સાથે તમામ બાળકોને એક સુંદર ભેટ પણ આપવામાં આવશે અને એમના જન્મદિનની ઉજવણી આ વિશિષ્ઠ સેવાયજ્ઞથી કરાશે,

આ સમગ્ર કાર્યક્રમ ખોડલધામ એંકર હાર્દિકભાઈ સોરઠીયા, રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ અને યુવા આગેવાન કિશનભાઇ ટીલવા, અગ્રણી ઉદ્યોગપતિ વિશાલ સોરઠીયા, મારૂતિ નંદન ચેરીટેબલ મંદિરના પ્રમુખ રાજુભાઈ સોરઠીયા, હરસોડા પરિવારના પ્રમુખ જયેશભાઈ હરસોડા, વોર્ડ ૧૧ ના યુવા મોરચા પ્રમુખ અંકિત સોરઠીયા, અક્ષય સોરઠીયાના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યો છે. વધુ વિગત માટે હાર્દિકભાઈ સોરઠીયા ૯૦૩૩૫૦૭૯૩૧ પર સંપર્ક કરવા વિનંતી છે.

## ભોમેશ્વર મંદિરે ૮મીએ મેડિકલ કેમ્પ

### દંતયજ્ઞ, સર્વરોગ નિદાન-સારવાર અને એકયુપ્રેસર ચિકિત્સા સાથે માર્ગદર્શન પણ અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ (ઉત્તર જીલ્લા) તેમજ ભોમેશ્વર મંદિરના ઉપક્રમે જીલ્લા પંચાયત સંચાલિત સરકારી આયુર્વેદ દવાખાનું ખેરડીના સહયોગથી દંતયજ્ઞ અને સર્વરોગ નિદાન સારવાર અને એક્યુપ્રેશર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેનું સ્થળ ભોમેશ્વર મંદીર, ભોમેશ્વર પ્લોટ, જામનગર રોડ, રાજકોટ તા.૮ ઓગષ્ટ ૨૨ ના સોમવારે સવારે ૧૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી રહેશે.

દંતયજ્ઞ કેમ્પમાં આયુર્વેદની ઉત્તમ એવી પરંપરાગત વિદ્યાના નિષ્ણાંત વૈધ ડો. જયસુખભાઈ મકવાણાના દંતયજ્ઞનું આયોજન કરેલ છે. જેમાં દાંત અને પેઢાના રોગોનું નિદાન કરી જરૂરી હશે તેમને આયુર્વેદ પધ્ધતિથી ઈન્જેકશન વગર જાલંધર બંધ વડે દાંત વિનામૂલ્યે કાઢી આપવામાં આવશે અને વૃધ્ધ વ્યકિતને તદન ટોકન દરે દાંતની બત્રીસી બનાવી આપવામાં આવશે. આયુર્વેદ કેમ્પમાં આયુર્વેદ સર્વરોગ અને ચામડીના રોગો, પેટના રોગો અને અન્ય તમામ રોગોનું નિદાન કરી સારવાર આપવામાં આવશે. એકયુપ્રેશર કેમ્પમાં સાંધાના દુ:ખાવા, કમર દર્દ, પેટના રોગો અને સ્ત્રીરોગો તેમજ અન્ય તમામ બીમારીઓ માટે દર્દીઓને એક્યુપ્રેશરના સાધનો વડે સારવાર અને માર્ગદર્શન આપવામાં આવશે અને વ્યાજબી ભાવે સાધનો સ્થળ પર ઉપલબ્ધ કરવામાં આવશે.

### વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિવિધ સમિતિની પણ રચના

## જન્માષ્ટમી મહોત્સવની સૂત્ર સ્પર્ધાના વિજેતા જાહેર

| | |
|---|---|
| પ્રથમ | શિવમભાઈ ચૌહાણ |
| દ્વિતીય | મેઘાવીબેન જાની |
| તૃતીય | જાગૃતિબેન ઝાલા |
| પ્રોત્સાહન | ભાવનાબેન રાવલ |
| પ્રોત્સાહન | હિતેશભાઈ સીનરોજા |
| પ્રોત્સાહન | સોનલબેન ખંભાયતા |
| પ્રોત્સાહન | જે. પી. ગોહીલ |

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

વિશ્વ હિન્દુ પરિષદ જન્માષ્ટમી મહોત્સવ-૨૦૨૨ના ઉપક્રમે યોજાયેલી સૂત્ર સ્પર્ધામાં વિજેતા થયેલ મુખ્ય સૂત્ર તથા અન્ય વિજેતાઓના નામો જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ ખાતે છેલ્લા અનેક વર્ષોથી અલગ-અલગ થીમ અને પ્રેરક સૂત્રો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી શોભાયાત્રા ખૂબ રંગે-ચંગે ઉજવવામાં આવે છે. દર વર્ષે જન્માષ્ટમી મહોત્સવને સંલગ્ન એક સૂત્ર આપવામાં આવે છે તે સૂત્ર અને ટીમને લઈને સમગ્ર સૌરાષ્ટ્રભરમાં ઉજવણી થાય છે. દર વર્ષે અલગ-અલગ પ્રકારના જોમ અને જુસ્સો પ્રેરતા સૂત્રો આપવામાં આવે છે. જેમા દેશનું સાર્વ ભૌમત્વ, હિન્દુત્વ, સ્વચ્છતા, રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા, રામ જન્મ ભૂમિ, રામ

### ચાલુ વર્ષે 'શિવ કહો, કે કહો શ્રી યશોદાનંદન, આઝાદીનો રંગ કાનુડાને સંગ...' સુત્રની થીમ સાથે થશે ઉજવણી

મંદિર અને જે તે સમયના કરન્ટ ટોપીક ઉપર આધારીત સૂત્રોને લઈને દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષના સૂત્રો વિ.હિ.પ. દ્વારા આપવામાં આવે છે. જેને એક તજજ્ઞોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવે છે.

આ વર્ષે એક નવતર પ્રયાસના ભાગ રૂપે વિ.હિ.પ. દ્વારા સૂત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું અને આ સ્પર્ધામાં તમામ હિન્દુ સમાજ, ધર્મપ્રેમીઓ અને સમાજનો બહોળો વર્ગ એટલે કે જાહેર જનતા ભાગ લીધેલ હતો. આ વર્ષના સૂત્ર માટેના વિષયો પૈકી આઝાદી કા અમૃત મહોત્સવ, અગ્નીપથ, સામાજીક સમરસતાના હિમાયતી શ્રીકૃષ્ણ તથા કૃષ્ણ ભક્તિ સાથે રાષ્ટ્ર ભક્તિ વગેરેમાંથી આવેલા ખૂબ જ સારા સૂત્રો વિ.હિ.પ. શ્રી જન્માષ્ટમી મહોત્સવ સમિતિને મળેલ હતા અને તેમાં આવેલ સૂત્રોમાંથી થીમ નકકી કરવામાં આવેલ છે. જેમાં આ વર્ષે સૂત્ર શિવ કહો, કે કહો શ્રી યશોદાનંદ..., આઝાદી નો રંગ કાનુડાને સંગ..

જાહેર કરવામાં આવેલ છે અને જે કૃષ્ણ ભક્તોએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો અને સૂત્રો મોકલ્યા હતાં તેમના સૂત્રો ધ્યાને લઈ અને વિજેતાઓ જાહેર કરવામાં આવેલ હતા.

વિ.હિ.પ. પ્રેરીત જન્માષ્ટમી સમિતિ દ્વારા યોજેલ સૂત્ર સ્પર્ધાના વિજેતાઓને તેમના વિજેતા બનવા બદલના સીલ્ડ અપર્ણનો કાર્યક્રમ આગામી દિવસોમાં વિ.હિ.પ. દ્વારા પ્રચાર માધ્યમો થકી જાહેર કરવામાં આવશે. તેમજ આ પરિણામ તૈયાર કરવામાં સમિતિના સહમંત્રી રાહુલભાઈ જાની તથા હર્ષિતભાઈ ભાડજા, માલતીબેન સાતા, પલ્લવીબેન જોશી દ્વારા આવેલ સૂત્રોનું તલસ્પર્શી અભ્યાસ કરી સૂત્રો નકકી કરી વિજેતાઓ જાહેર કરવામાં આવેલ છે.

આ સાથે વિ.હિ.પ. પ્રેરીત શ્રી જન્માષ્ટમી મહોત્સવ સમિતિમાં અમુક સમિતિઓની જાહેરાતો કરવામાં આવી છે.તેમ જણાવ્યું છે.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

## માયાણીનગર સ્થિત આર્યસમાજમાં કાલે વેદ સપ્તાહની પૂર્ણાહુતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬: આર્યસમાજ માયાણીનગર ખાતે તા.૩૧ ને રવિવારથી શરૂ થયેલી વેદ સપ્તાહની પૂર્ણાહુતિ તા.૭ ને રવિવારે સવારે ૧૦ થી ૧૨ રાખવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે આર્ય પરિવારના શિક્ષણરત વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ શુભ પ્રસંગે પૂ.સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક (દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ, ગુજરાત) થી પધારેલ છે. તેઓ પોતાનું આગવું પ્રવચન આપશે.



## ઈન્ડ. કો.ઓ. બેંકના ગ્રાહકોને ડિપોઝીટ પરત આપો



### ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ દ્વારા કેન્દ્રીય સહકાર મંત્રીને રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ગુજરાત ઈન્ડ. કો.ઓ.બેંકના ડિપોઝીટરોને તેની રકમ પરત આપવાની કેન્દ્રના સહકાર મંત્રી અમીતભાઈ શાહ પાસે માંગણી સાથે ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ દ્વારા રજૂઆત કરાઈ છે.

દિલ્હી ખાતે ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહને રજૂઆત કરતા જણાવેલ કે, ગુજરાત ઈન્ડ.કો.ઓ.બેંક કે જે ફડચામાં ગયેલ છે. તેમાં અનેક નાના ડિપોઝીટરોની ડિપોઝીટ ફસાયેલ છે. સરકાર આવી ફડચામાં ગયેલ બેંક અંગે એક લાખ સુધીના ડિપોઝીટરો અંગે અગાઉ નિર્ણય કરી ચૂકી છે અને તેમને નાણાં મળી પણ ગયેલા છે. પરંતુ જેઓની ડિપોઝીટ એક લાખ કરતા વધુ છે તેવા હજારો ડિપોઝીટરોના નાણાં રોકાયેલ છે.

હાલ બેંક પાસે પૈસા પણ છે અને બેંકની ઘણી મોટી પ્રોપર્ટી પણ છે. જે અંગે કોઈ નિર્ણય થાય તો હજારો ડીપોઝીટરોને નાણાં પરત મળે. હાલમાં સરકારે સુરત ખાતેની ડાયમંડ કો.ઓ.બેંકને જે રીતે પુન:જીવીત કરેલ છે તે દિશામાં પણ જો બેંક કાર્યરત થાય તો પણ બેંક ચાલી શકે તેમ છે. આ અંગે અમિતભાઈ શાહે તે દિશામાં યોગ્ય કરવાનું જણાવેલ.

## જસદણ તાલુકાના જીવાપર ગામમાં વૃક્ષારોપણ અભિયાન

(કરશન બામટા દ્વારા)

આટકોટ, તા.૬

આજે જસદણ તાલુકાના જીવાપર ગામમાં યુવાનો દ્વારા ૪૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવાનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં સુરતના અગ્રણી ઉદ્યોગપતિ અને પર્યાવરણ પ્રેમી સવજીભાઈ ધોળકિયા, રાજકોટથી વૃક્ષપ્રેમી સદભાવના વૃદ્ધાશ્રમવાળા વિજયભાઈ ડોબરીયા જાણીતા ઉદ્યોગપતિ પરષોત્તમભાઈ કમાણી, મનસુખભાઇ પાંભર,સહકારી અગ્રણી અરવિંદભાઈ તાગડીયા, અરજનભાઈ રામાણી તેમજ રાજકોટ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર અને સુરત ખાતે સ્થાયી થયેલા જીવપરગામના તમામ યુવાનો ખાસ હાજર રહી



તન,મન,ધનથી સહયોગ આપવાના છે.

શનિવારે સાંજે લોકસાહિત્યકાર મનસુખભાઇ વસોયાના ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, તો જીવાપરની આજુબાજુના ગામલોકોને કાર્યક્રમમાં પધારવા માટે સુરતથી દિવ્યેશભાઈ સાવલિયાની યાદીમાં જણાવવામાં આવે છે.

## સોમવારે શ્રાવણ મહિનાની પુત્રદા એકદશીનું મહત્વ

શ્રાવણ સુધ અગિયારસને સોમવાર તા.૮નાં દિવસે પુત્રદા એકાદશી છે. પુત્રદા એકાદશીનાં દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી સૌપ્રથમ સૂર્યને અર્ધ આપવું. ત્યારબાદ બાજોઠ પર સફેદ વસ્ત્ર પાથરી અને વિષ્ણુ ભગવાનની છબી રાખી અને તેનું પૂજન કરવું. ત્યારબાદ ઘરે અથવા શિવમંદિરે જઈ મહાદેવજીને જળ ચડાવું. ત્યારબાદ સંતાન પ્રાપ્તિની પ્રાર્થના કરી અને ચોખા ધરાવી આરતી કરી પાર્થના કરવી અને જીવનમાં પાંચ નિયમોનું પાલન કરવું.

(૧) સત્યનું આચરણ શક્ય તેટલું વધારે કરવું, (૨) હિંસા કરવી નહીં, (૩) મોહ રાખવો નહીં, (૪)



શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

બીજા પર નિર્ભર રહેવું નહીં, (૫) મહેનતનું જ ખાવું એટલે કે ખોટી રીતે ધન કમાવું નહીં.

આ પાંચ નિયમોનું પાલન કરવું. એકાદશીનાં દિવસે બપોરે નિંદ્રાનો ત્યાગ કરવો. રાત્રીનાં ૧૨ વાગ્યા સુધી જાગરણ કરવું. ઉપવાસ રહેવું, જપ, ભક્તિ, કીર્તન કરવા અને એકાદશીની કથાનું વાંચન કરવું.

કથાનો બોધ:- કરેલા કર્મોનું ફળ સારું અથવા નરસું ભોગવવું જ પડે છે. તમે અથવા તમારા સંતાનોને આફત ભોગવવી પડે છે. એ સત્ય વાત છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ધો.૧૨ના ફિઝીક્સના પુસ્તકમાં સંજ્ઞાની ભૂલ રહી જતા ભારે દેકારો

નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને જવાબદારો સામે કડકમાં કડક પગલા લેવા જોઈએ. તેવી વાલી વર્ગની જોરદાર માંગણી છે. સંજ્ઞાની એક ભૂલને કારણે ૨૫ હજાર પુસ્તકો પસ્તી બનીને રહી ગયા છે અને જંગી નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સીલની બેઠક

નિવેદનમાં જણાવાયું છે કે મીટિંગની તૈયારી માટે જૂન ૨૦૨૨માં ધર્મશાળામાં મુખ્ય સચિવોની રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદની અધ્યક્ષતા વડાપ્રધાને કરી હતી અને તેમાં તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો તેમજ કેન્દ્ર અને રાજય સરકારોના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. ૭મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક ઉપરોક્ત વિષયોમાંથી એક પર રોડમેપ અને પરિણામલક્ષી એક્શન પ્લાનને આખરી રૂપ આપવાનો પ્રયાસ કરશે, એમ નિવેદનમાં જણાવાયું છે. સામાન્ય રીતે સંપૂર્ણ પરિષદ દર વર્ષે મળે છે. ગયા વર્ષે ૨૦ ફેબ્રુઆરીએ મોદીની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી. કોવિડ-૧૯ રોગચાળાને કારણે ૨૦૨૦માં કાઉન્સિલની બેઠક બોલાવવામાં આવી ન હતી. જુલાઈ ૨૦૧૯ પછી ગવર્નિંગ કાઉન્સિલની આ પ્રથમ વ્યક્તિગત બેઠક હશે. કાઉન્સિલની પ્રથમ બેઠક ૮ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ મળી હતી.

## ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગથી બચવા જરૂરી તકેદારીનાં પગલાં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ડેન્ગ્યુ ફેલાવતા મચ્છર ખુલ્લા અને સ્થિર પાણીમાં ઈંડા મુકતાં હોવાથી વરસાદની મોસમમાં આ રોગોનો ચેપ લાગવાની મહત્તમ શક્યતાઓ હોય છે. આ રોગો માટે જવાબદાર શરીર અને પગ પર કાળા અને સફેદ પટ્ટાઓવાળા એડીસ મચ્છર તેના લગભગ ૨ અઠવાડિયાના જીવનકાળ દરમિયાન ૩ વાર ઈંડા આપે છે અને દર વખતે લગભગ ૧૦૦ ઈંડા આપે છે. અને અત્યંત ઝડપી રીતે ફેલાઈ શકે છે. ડેન્ગ્યુ મચ્છર દિવસ દરમિયાન સૌથી વધુ સૂર્યોદય પછીના બે કલાક અને સૂર્યાસ્ત પહેલાના બે કલાક દરમિયાન કરડે છે. મચ્છર કરડયા બાદ મનુષ્યમાં ૫ થી ૬ દિવસ પછી રોગના લક્ષણો જોવા મળે છે. આથી આ સમયગાળામાં આપણી અને આપણા પરિવારની સુરક્ષા માટે સાવધાનીઓ લેવી જરૂરી છે. આ માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ગુજરાત સરકાર દર્શાવેલા ઉપાયોને જાણી અને અપનાવી મચ્છર ઉત્પત્તિ અને ચેપ લાગતા અટકાવવવાનાં પગલાં લેવા જરૂરી છે.

નકામી પાણી ભરાય તેવી વસ્તુઓનો તરત નિકાલ કે નાશ કરો. સ્વચ્છતા જાળવો. જુદા જુદા પાણીના બિનજરૂરી પાત્રોમાંથી પાણીને ખાલી કરો. ઉપયોગના પાણી ભરવાના પાત્રોને વ્યવસ્થિત ઢાંકીને રાખો. શરીરના બધા જ અંગો ઢાંકી રાખે તેવા લાંબી બાંયના કપડા પહેરો. મચ્છરદાનીનો દિવસે સુતી વખતે પણ ઉપયોગ કરો. ડેન્ગ્યુથી બચવા દિવસ દરમિયાન પણ ઘરગથ્થુ જંતુનાશકો જેવા કે, કોઈલ, ધ્રુમશીલ(એરોસીલ) દવાઓ, મચ્છર અગરબત્તી તથા જંતુનાશકને વરાળમાં પરિવર્તિત કરતા સાધનોનો ઉપયોગ કરો. બારી તથા દરવાજા પર મચ્છરજાળી લગાવો. એરકંડીશનનો ઉપયોગ થતો હોય તેવા રૂમ્સ બંધ વાતાવરણને લીધે મચ્છર કરડવાથી બચાવે છે. ઉપરાંત ઓફિસો અને એકમો, સંકુલોમાં ફોગીંગ કરાવીએ. ડેન્ગ્યુની અટકાયત એ આપણા સૌની જવાબદારી છે. માટે આપણી અને આપણા પરિવારની રક્ષા માટે ઉપરના ઉપાયો કરીને રોગથી બચીએ.

સખત માથાનો દુખાવો, આંખની કીકીની પાછળ દુખાવો, સ્નાયુઓનો દુખાવો, સાંધાનો દુખાવો, ચકામા, નાકમાંથી લોહી નીકળવું, વગેરે અમુક લક્ષણો જણાય તો ડેન્ગ્યુ હોઇ શકે છે. આ લક્ષણો જણાતા ડી-હાઈડ્રિશન અટકાવવા પુરતા પ્રમાણમાં પાણી પીવું, પૌષ્ટીક ખોરાક લેવો તેમજ આરામ કરવો અને તુરંત ડોક્ટરની સલાહ લેવી જોઈએ. પેટમાં સતત દુખાવો અથવા ઉલ્ટી, લોહીની ઉલ્ટી, સુસ્તી અથવા ચિડીયાપણું, શ્વાસ લેવામાં તકલીફ અને ચીકણી ત્વચા જેવા ગંભીર લક્ષણો જણાતા તાત્કાલિક તબીબી સારવાર લેવી જોઈએ. ડેન્ગ્યુ જીવલેણ પણ હોઇ શકે છે. સારી અને સમયસરની સારવાર જીંદગી બચાવી શકે છે. ઉપરાંત કોઈપણ વ્યક્તિને પોતાના જીવનકાળ દરમિયાન એકથી વધુ વાર ડેન્ગ્યુનો રોગ લાગુ પડી શકે છે. આથી ઉપરના ઉપાયો અપનાવીને ડેન્ગ્યુ સામે રક્ષણ મેળવીએ તેમજ જાગૃત બનીએ.



# જામનગર અને સુરેન્દ્રનગરમાં ૨ કરોડથી વધુની વીજચોરી પકડાઈ

## પીજીવીસીએલ દ્વારા કરાઈ કામગીરીઃ વીજચોરોમાં ફફડાટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

અનુપમસિંહ ગહલૌત, આઇ.પી.એસ. ડાયરેક્ટર (સલામતી) અને મુખ્ય તકેદારી અધિકારી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાની સુચના અનુસાર એચ.આર ચૌધરી, આઇ.પી.એસ. જોઇન્ટ એકજીક્યુટીવ ડાયરેક્ટર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાના માર્ગદર્શન હેઠળ બી.સી. ઠક્કર, નાયબ પોલીસ અધિક્ષક અને મુખ્ય તકેદારી અધિકારી રાજકોટ તેમજ જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે.ના પો.અધિ./કર્મચારીઓ તથા જી.યુ.વી.એન.એલ. વડોદરાના ઉચ્ચ અધિકારીની ટીમો મારફતે વીજચોરી પકડવા તથા ડામવા માટે તા.૩ ઓગસ્ટથી તા.૬ દરમ્યાન પી.જી.વી.સી.એલ. જામનગર સર્કલ તથા સુરેન્દ્રનગર સર્કલ વિસ્તારમાં આવેલ હોટેલ, ઢાબા, રહેણાંક તથા પથ્થરની ખાણો વિગેરે જગ્યાએ સઘન વિજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ જેમાં જામનગર સર્કલ વિસ્તારમાં તા.૩ ઓગસ્ટથી તા.૫ ના રોજ અંદાજીત પર લાખ ૩૬ હજારની વીજચોરી પકડાયેલ હતી તેમજ આજ તા.૬ ના રોજ સુરેન્દ્રનગર સર્કલ વિસ્તારમાં આવેલ પથ્થરની ખાણોમાં સઘન વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન રાજદીપ અશોક ખાચર (પથ્થરની ખાણ) ગામ ભીમોરામાં ૭૦ લાખની વીજચોરી, ધાંધલ ગભરુ રામ (પથ્થરની ખાણ) ગામ ભીમોરામાં ૪૦ લાખની વીજચોરી, અશોક જીવા ખાચર (પથ્થરની ખાણ) ગામ ભીમોરામાં ૩૦ લાખની વીજચોરી, વીજચોરી રાજદીપ અશોક ખાચર (પથ્થરની ખાણ) ગામ ભીમોરામાં ૩૫ લાખની વીજચોરી, વિવેક રણુ ખાચર (પથ્થરની ખાણ) ગામ ભીમોરામાં ૩૫ લાખની વીજ ચોરી સહિત કુલ-૫ સ્થળોએ ગેરરિતી માલુમ પડતા અંદાજીત રૂપિયા ૨ કરોડ ૧૦ લાખની વીજચોરી પકડી પાડેલ . આમ તા.૩ ઓગસ્ટથી તા.૬ ઓગસ્ટ દરમ્યાન કુલ ૨ કરોડ ૬૨ લાખ ૩૬ હજાર રૂપિયાની જામનગર સર્કલ તથા સુરેન્દ્રનગર સર્કલ વિસ્તારમાં વીજચોરી પકડાયેલ હોય પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ દ્વારા ફરીયાદો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને જેની કડક હાથે તપાસ હાથ ધરવામાં આવશે જેના કારણે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે તેમજ આવતા દિવસોમાં પી.જી.વી.સી.એલ.ના વિસ્તારોમાં વિવિધ વીજ જોડાણોની ચેકિંગ કામગીરી ચાલુ રહેનાર છે. તેમ જણાવ્યું છે.



# કણસાગરા મહિલા કોલેજના BSW અને MSW ની વિદ્યાર્થીનીઓ રાજકોટ મનપાની મુલાકાતે



**અભ્યાસક્રમના ભાગરૂપે શહેરી વિસ્તારમાં કરવામાં આવતી કામગીરીની માહિતી મેળવી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

કે.એસ.એન કણસાગરા મહિલા કોલેજના માસ્ટર ઓફ સોશિયલ વર્ક અને બેચલર ઓફ સોશિયલ વર્કના અભ્યાસ ક્રમની સેમેસ્ટર ૧ ની વિદ્યાર્થીનીઓને અભ્યાસ ક્રમના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા ચાલતી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અને પી.એમ. સ્વનિધિ યોજનાની જાણકારી મળી રહે તથા મનપા દ્વારા શહેરી વિસ્તારમાંકરવામાં આવતી વિવિધ કામગીરીથી માહિતીગાર થાય તે હેતુસર સમાજ કાર્ય વિભાગના ફિલ્ડ ઓફિસર ભવદીપભાઈ ત્રિવેદીના આયોજનથી મુલાકાત લેવામાં આવેલ હતી.

આ તકે રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા ચાલતી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અને પી.એમ. સ્વનિધિ યોજનાની જાણકારી NULM મેનેજર શાંતિલાલ બથવાર દ્વારા આપવામાં આવેલ હતી. તેમજ રાજકોટ મહાનગરપાલિકાનું વહીવટી માળખું તથા વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીથી પ્રોજેક્ટ શાખાના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર દીપ્તિબેન આગરીયા દ્વારા માહિતીગાર કરવામાં આવેલ હતા. સાથો સાથ હર ઘર તિરંગા કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં સામેલ થઇ દરેક ઘર પર રાષ્ટ્ર ધ્વજ આદર પૂર્વક લહેરાવવા વિદ્યાર્થીઓને જણાવેલ હતું.

આ કામગીરીને સફળ બનાવવા પ્રોજેક્ટ શાખાના આસી.મેનેજર કે.ડી.વાઢેરના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ શાખાના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર આર.એ.મુનિયા, એન.આર કાથડ તથા ટી.બી. જાંબુકિયાએજહેમત ઉઠાવેલ હતી. તેમ જણાવ્યું છે.(૧૩)

# પીજીવીસીએલ દ્વારા સ્ટાર્ટઅપ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

પીજીવીસીએલ દ્વારા તા.૫ ઓગસ્ટના રોજ દિલ્હી ખાતે SINE-IIT બોમ્બે અને સ્ટાર્ટઅપ કંપની Boltron સાથે ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ફેઈલ્યોરના અનુમાન પર પાયલોટ રન માટે ત્રિપક્ષીય કરાર કરવામાં આવ્યો છે. ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા આયોજીત પાવરથોન-૨૦૨૨ હેઠળની ઈવેન્ટ દરમ્યાન આ કરાર કરવામાં આવેલ. આ કરાર દ્વારા પાવર ડિસ્ટ્રીબ્યુશન સેકટરમાં એડવાન્સ ટેકનોલોજીને વધુ સક્ષમ બનાવી શકાશે. તેમ જણાવ્યું છે.

# માસ્ટર્સ ઓફ ટેકનોલોજીની ડિગ્રી પૂર્ણ કરતા સાવન વ્યાસ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

ઉના બ્રહ્મ સમાજના દિલીપભાઈ ઉમેદરાય વ્યાસ, નિવૃત અધિકારી, સિંચાઈ વિભાગ, ઉનાના પુત્ર સાવન દિલીપભાઈ વ્યાસ , તેણે તમિલનાડુ રાજ્યની V.I.T. યુનિવર્સિટીમાંથી M.Tech (માસ્ટર્સ ઓફ ટેક્નોલોજી) ની ડિગ્રી ડિસ્ટિંગકસન સાથે પૂર્ણ કરી છે. અને હાલમાં રીસર્ચ & ડેવેલોપમેન્ટ સેન્ટરમાં કામ કરે છે. આગળના એક્ઝિક્યુટિવ M.B.A ના ઉચ્ચ શિક્ષણ માટે ભારતની સૌથી પ્રતિષ્ઠિત અને પ્રથમ નંબરની સંસ્થા I..M (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ), અમદાવાદમાં એડમિશન મેળવેલ છે.



આ માટે ઉના બ્રહ્મસમાજ ગર્વ અને આનંદની લાગણી અનુભવે છે. અને સાવન વધુને વધુ પ્રગતિ કરે અને સફળતાના પહાડ સર કરે, અને વ્યાસ પરિવાર તથા ઉના બ્રહ્મસમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છા, આશીર્વાદ અને ધન્યવાદ સાથે ખૂબ ખૂબ અભિનંદન.

# વોર્ડ નં.૪ માં મોરબી રોડ જકાતનાકા પાસે પેવિંગ બ્લોકનું ખાતમુહૂર્ત





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૪માં મોરબી રોડ જકાતનાકા પાસે બાલગોપાલ રેસ્ટોરન્ટ પાસે કોર્પોરેટર કંકુબેન ઉઘરેજાની ગ્રાન્ટમાંથી મંજુર થયેલ પેવિંગ બ્લોક કામનું ખાતમુહૂર્ત શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વોર્ડ નં.૪ કોર્પોરેટર કંકુબેન ઉઘરેજા, નયનાબેન પેઢડીયા, સોનલબેન સોરઠીયા, પરેશભાઈ પીપળીયા, પ્રમુખ સી.ટી.પટેલ, મહામંત્રી કાનાભાઈ ઉધરેજા, અશોકભાઈ લુણાગરીયા, કાળુભાઈ કુગસીયા, દીપકભાઈ પનારા, દિનેશભાઈ ચૌહાણ, હિતેશભાઈ ગોહિલ, રાજેશ્રીબેન માલવીયા, દિલીપભાઈ બોરીચા, હિતેશભાઈ મઠિયા, રવિભાઈ ગોહિલ, ભાવેશભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ વાંક, સંજયભાઈ ઉઘરેજા, રવિભાઈ ડાંગર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

રાજકોટ શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિની એક અગત્યની બેઠક નાગરબોર્ડીંગ ખાતે યોજાઈ હતી. જેમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓની તૈયારીના ભાગરૂપે સંગઠન અને સંકલન અંગેની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રામકૃષ્ણ ઓઝાજી, રાજકોટ સંસદીય વિસ્તારના નિયુક્ત થયેલા રાજસ્થાન સરકારના ખાણ-ખનીજ અને પશુપાલન મંત્રી પ્રમોદ જૈનજી, કેબિનેટ મંત્રી અંતા બારાંજી, મેઘવાલ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને બારાંના ધારાસભ્ય પાનાચંદજીની ઉપસ્થિતિમાં શહેર કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેર-જીલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણી, કાર્યકારી પ્રમુખ સંજયભાઈ અજુડિયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડો.હેમાંગભાઈ વસાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી મહેશભાઈ રાજપુત, અશોકભાઈ ડાંગર, જશવંતસિંહ ભટ્ટી, દિનેશભાઈ મકવાણા, મહિલા કોંગ્રેસ પ્રમુખ દિપ્તીબેન સોલંકી, માઈનોરીટી વિભાગ ચેરમેન યુનુસભાઈ જુણેજા, એસ.સી.વિભાગ ચેરમેન નરેશભાઈ સાગઠીયા, પૂર્વ ડેપ્યુટી મેયર ભરતભાઈ મકવાણા, પૂર્વ વિરોધપક્ષના નેતા અતુલભાઈ રાજાણી, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, પ્રવીણભાઈ સોરાણી, રાજદીપસિંહ જાડેજા, સહિતના વોર્ડ પ્રમુખો, વિવિધ ફ્રન્ટલ સેલ વિભાગના હોદ્દેદારો, સહિતના આગેવાનો અને કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મનપાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા

# વિવિધ હોસ્પિટલોમાં ફાયર સેફટી અંગે મોકડ્રીલ યોજાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬



મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા આજે શહેરની વિવિધ હોસ્પિટલો જેવી કે શ્રી આસ્થા હોસ્પિટલ, જીનેસીસ હોસ્પિટલ, શિવાલિક હોસ્પિટલ, મારકણા હોસ્પિટલ, શ્રીજી હોસ્પિટલ, મમતા હોસ્પિટલ, વિનસ હોસ્પિટલ, નિહિત બેબી કેર હોસ્પિટલમાં ફાયર સેફ્ટી અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું. ઉપરોક્ત મોકડ્રીલ દરમ્યાન વિવિધ ૮ (આઠ) હોસ્પિટલોમાં ડોકટર તથા નર્સીંગ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફને ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફિસર એ.કે.દવે, એફ.આઇ.લુવાની, એસ.આર. નડીયાપરા એ.બી.ઝાલા, એમ.કે. જુણેજા, આર.એ.વિગોરા, એચ.પી. ગઢવી તથા લીડીંગ ફાયરમેન અને ફાયરમેન સહિતના સ્ટાફ દ્વારા હોસ્પિટલમાં આગ લાગે ત્યારે શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેના સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો અને દર્દીઓને કઇ રીતે બચાવવા તે અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ.

# લેન્ડ-ગ્રેબિંગ કેસમાં આરોપીઓનો જામીન મંજુર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

જસદણ તાલુકાના ગઢડીયા ગામનો જમીન બાબતે થયેલ લેન્ડ-ગ્રેબિંગની ફરિયાદમાં આરોપીઓ રમેશભાઈ બચુભાઈ ચાવડા, દિનેશભાઈ બચુભાઈ ચાવડા તથા અરવિંદભાઈ ઉર્ફે ભઈલુ બચુભાઈ ચાવડાને રૂ.૧૫,૦૦૦ ના જામીન ઉપર મુક્ત કરવાનો કોર્ટ હુકમ કરેલ છે.

આ કેસની હકકીકત મુજબ ફરિયાદી મયંકભાઈ વિજયભાઈ પોપટ તથા અન્ય સાહેદો દ્વારા જસદણ તાલુકાના ગઢડીયા (જસ) ગામનો જમીનો આરોપીઓ દ્વારા ગેરકાયદેસર રીતે પચાવી પાડવા અંગેની ફરિયાદ રાજકોટ કલેકટર કચેરીમાં દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ રાજકોટ કલેકટર દ્વારા આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ. ત્યારબાદ



એડવોકેટઃ જયદીપ કુકડિયા

જસદણ પોલીસ સ્ટેશન દ્વારા ઉપરોક્ત તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુના સબબ એફ.આઈ.આર. નોંધવામાં આવેલ અને તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને નામદાર સ્પે. કોર્ટમાં રજુ કરતા, કોર્ટ દ્વારા તેઓને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલવામાં આવેલ.

ત્યારબાદ ઉપરોકત તમામ આરોપીઓ દ્વારા જામીન ઉપર મુક્ત થવા માટે પોતાના વકીલ મારફત જામીન અરજી રાજકોટ સેશન્સ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ. ઉપરોક્ત જામીન અરજી ચાલવા ઉપર આવતા આરોપીઓના વકીલ દ્વારા દલીલ કરવામાં આવેલ કે ફરિયાદી દ્વારા સિવિલ પ્રકારની તકરારને ક્રિમીનલ કલર આપવામાં આવેલ છે તેમજ માત્ર લેન્ડ ગ્રેબિંગ એકટ અમલમાં આવતા ફરિયાદીએ ખોટી ફરિયાદ કરેલ છે.

ઉપરોક્ત બન્ને પક્ષોની દલીલોના અંતે આરોપી પક્ષની દલીલોને માન્ય રાખી તેમજ રજુ રખાયેલા વિવિધ હાઈકોર્ટ તથા સુપ્રિમકોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈને રાજકોટના મહે. એડીશનલ સેશન્સ અને સ્પે. જજ જે.ડી. સુથાર દ્વારા ઉપરોકત તમામ આરોપીઓને રૂ.૧૫,૦૦૦ ના જામીન ઉપર મુકત કરવાની હુકમ ફરમાવવામાં આવેલ છે.

આ કેસમાં તમામ આરોપીઓ વતી ધારાશાસ્ત્રી અપૂર્વ એન.મહેતા તથા જયદીપ એમ. કુકડિયા રોકાયેલા હતા.

# મારડીયા પરિવારના લાડકવાયા હેમાંગનો જન્મદિવસ



રાજકોટઃ મૂળ જામકંડોરણાના હરિયાસણ ગામના વતની અને હાલ રાજકોટ રહેતા કિરીટભાઈ ચંદુભાઈ મારડીયા અને સંગીતાબેનના લાડકવાયા પુત્ર હેમાંગનો આવતીકાલે જન્મદિવસ છે. હેમાંગે મંગલમય એક વર્ષ પૂર્ણ કર્યું છે. ધ્રોલના રાઠોડ પરિવારના ભાણેજ એવા હેમાંગને દાદા-દાદી, નાના-નાની સહિતના સગા-સ્નેહીઓ આશીર્વાદ પાઠવી રહ્યા છે.

# ગુંદલાવ ગામના સરપંચ નીતિન પટેલનો આજે જન્મ દિવસ



**(કાર્તિક બાવીશી દ્વારા)** વલસાડ જિલ્લાના ગુંદલાવ ગામના સરપંચ હંમેશા લોકસેવા માટે ખડેપગે રહેનાર સરપંચનો આજે જન્મદિવસ છે કોરોના સમય પર હંમેશા પરીવારની જેમ લોકો સાથે રહ્યા હતા તેમજ બ્લડ કેમ્પ, રમતગમતના પોગ્રામ, તેમજ અવનવા પ્રોગ્રામ ગુંદલાવમાં સુંદર આયોજન સરપંચ નીતિન પટેલની આગેવાનીમાં થાય છે હંમેશા લોકોસેવા જ જેનો જીવન મંત્ર 'ભાઈ' ના નામે જાણીતા સરપંચ ૩૯ વર્ષ પૂરા કર્યાને ૪૦ માં પ્રવેશ કર્યો છે. તેમના મોબાઇલ નંબર પર ૯૦૬૭૧૭૬૭૯૩ શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# દુકાનદાર ઉપર હુમલો કરનાર ત્રિપુટી જામીન મુક્ત

## પાન એન્ડ કોલ્ડ્રીંકસના વેપારી સાથે પાન ફાકી માંગી મારમાર્યો હોવાના ગુનામાં ધરપકડ થઈ હતી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૬

શહેરમાં કાલાવડ રોડ આવેલ શ્રીજી પાન એન્ડ કોલ્ડ્રીંકસના વેપારીને માર મારી હત્યાનો પ્રયાસ કરવાના ગુન્હામા આરોપીઓના જામીન મંજુર કરવામાં આવ્યા છે.

આ કેસની હકીકત મુજબ કાલાવડ રોડ ઉપર શ્રીજી પાન એન્ડ કોલ્ડ્રીંકસની દુકાને મધરાત્રે કુલદિપ કરશનભાઇ વાઢેર, બિપીન ઉર્ફે ગટ્ટો જેન્તીભાઇ વાઢેર અને અન્ય ઇસમોએ આવી ફાકી અને સિગારેટની માંગણી કરી કરી હતી. જેથી દુકાનના માલીક દિલીપસિંહ કાળુભા સોલંકીએ અગાઉ બાકી રાખેલા નાણાની માંગણી કરતા તમામ શખ્સોએ દુકાનદાર ઉપર છરી અને ધોકા વડે હુમલો કરી બેફામ માર મર્યો હતો. ફરિયાદીએ દુકાનનું શટર અંદરથી બંધ કરી દેતા આરોપીઓએ શટર ખોલાવી દુકાનમા ઘુસીને ફરિયાદીને માર મારી ગંભીર ઇજા પહોચાડી હત્યાનો પ્રયાસ કર્યો હતો. જે અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા આરોપી કુલદિપ વાઢેર, બિપીન ઉર્ફે ગટ્ટો વાઢેરે પોતાના એડવોકેટ મારફતે કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆતો બાદ આરોપીના વકીલની દલીલોને ધ્યાને લઈ બન્ને આરોપીઓને સેસન્સ કોર્ટે જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં બંને આરોપી વતી એડવોકેટ રઘુવીર બસીયા રોકાયા હતા.

# ચકચારી દુષ્કર્મ હત્યાના ગુનામાં એડવોકેટ અશ્વિન ગોસાઈની સ્પે.પીપી તરીકે નિમણુંક

## કોડીનારના જતાખડીમાં ૮ વર્ષની બાળાને નરાધમે હવસનો શિકાર બનાવી મોતને ઘાટ ઉતારી હતી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

સોરઠ સહિત સૌરાષ્ટ્રભરમાં ચકચાર મચાવનાર કોડીનારના જત્તાખડી ગામની માસુમ બાળા પર દુષ્કર્મ ગુજારી મોતને ઘાટ ઉતારવાના બનાવમાં મૃતક પરિવારને ન્યાય અપાવવા માટે ગૃહમંત્રીની ભલામણ બાદ કાયદા વિભાગ દ્વારા રાજકોટના યુવા એડવોકેટ અશ્વિનભાઈ ગોસાઈની સ્પેશિયલ પબ્લિક પીપી તરીકે નિમણુંક કરવામાં આવી છે.

આ કેસ હકીકત મુજબ કોડીનાર તાલુકાના જંત્રાખડી ગામે આઠ વર્ષની માસુમ બાળકી પર દુષ્કર્મ ગુજારી મોતને ઘાટ ઉતારી મૃતદેહને અવાવરૂ જગ્યાએ ફેકી દીધાના બનાવમાં પોલીસે ગણતરીના કલાકોમાં દુષ્કર્મ અને હત્યાનો ભેદ ઉકેલી નરાધમ શામજી સોલંકીને ઝડપી લીધો હતો. આ બનાવથી સોરઠ પંથકમાં નરાધમ સામે ફિટકાર વરસાવી અને કડકમાં કડક સજા અપાવવા માટે રાજકીય, ધાર્મિક, સામાજિક અને વિવિધ સમાજના લોકોએ તંત્રને રજૂઆત કરી હતી.

આ ઘટનાની ગંભીરતા લઈ ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સમગ્ર તપાસમાં અંગત રસ લઈ તાત્કાલિક ધોરણે ચાર્જશીટ કરાવી અને ભોગ બનનાર પરિવારને ન્યાય અપાવવા માટે સ્પેશિયલ પીપીની નિમણુંક કરવા કાયદા વિભાગને ભલામણ કરતા જેના પગલે કાયદા મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ તાત્કાલિક ધોરણે રાજકોટના યુવા એડવોકેટ અને અનેક ચકચારી બનાવમાં મહત્વના ચુકાદો અપાવનાર અને



એડવોકેટઃ અશ્વિનભાઈ ગોસાઈ

ગોંડલ, રાજકોટ અને ધોરાજી ખાતે સરકારી વકીલ તરીકે ફરજ બજાવનાર અશ્વિનભાઈ ગોસાઈની નિમણુંક કરવામાં આવી છે.

સ્પેશિયલ પીપી અશ્વિનભાઈ ગોસાઈની નિમણુંક થતા કોડીનાર કોર્ટમાં આગામી તારીખ ૧૧ ઓગસ્ટના રોજ મુદત હોવાથી કેસની સુનાવણી હાથ ધરવામાં આવશે.





# રાખડીના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

શ્રાવણ મહિનાની પૂર્ણિમાના દિવસે રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. રક્ષાબંધનનો અર્થ રક્ષણનું બંધન; એવો રક્ષણાત્મક દોરો કે જે ભાઈને તમામ મુશ્કેલીઓથી દૂર રાખે છે. આ તહેવારમાં ભાઈ-બહેન વચ્ચેના સ્નેહ અને પવિત્ર સંબંધનું પ્રતિક છે. રક્ષાબંધન એ સામાજીક પૌરાણિક, ધાર્મિક અને ઐતિહાસિક લાગણીના દોરથી બનેલું એક પવિત્ર બંધન છે.

આ વર્ષે તા.૧૧ ઓગસ્ટને ગુરૂવારના રોજ છે. રક્ષાબંધન પર્વને લઈને રાજકોટ શહેરમાં જાત-જાતની અને ભાત-ભાતની રાખડીઓનું વેચાણ શરૂ થઈ ગયું છે. ત્યારે રાખડીનું વેચાણ કરતા રીટેઈલ વેપારી ધવલભાઈ અને દિવ્યેશભાઈ સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે રૂદ્રાક્ષ ઉપરાંત ડાયમંડવાળી ફેન્સી રાખડીઓની અવનવી વેરાયટી બજારમાં આવી છે. ગત વર્ષની સરખામણીએ જોવા જઈએ તો આ વર્ષે ૧૦ થી ૧૫ ટકા જેટલો ભાવ વધારો જોવા મળ્યો છે. ત્યારે બીજી બાજુ બજારમાં ઉપલબ્ધ બાળકો માટે લાઈટવાળી મ્યુઝીકલ રાખડી બેલ્ટવાળી રાખડી તેમજ વિવિધ કાર્ટુનવાલી રાખડીઓ ભારે આકર્ષણનું કેન્દ્ર બની છે. રક્ષાબંધનને હવે માત્ર પાંચ દિવસ જેટલો સમય બાકી રહ્યો છે. ત્યારે બજારમાં ભારે ખરીદીનો માહોલ જામ્પો છે. તેમ વેપારીઓએ જણાવ્યું છે.(૧૩)



(તસવીરઃ દિલીપ ગોહેલ)

# રાજકોટ લોકમેળામાં જાહેરાત અંગેના ટેન્ડરોની મુદત વધારાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

**તા.૧૦મીએ બપોરે ૧૨ કલાકે ટેન્ડરો ખોલવામાં આવશે**

લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા શહેરના રેસકોર્ષ ખાતે આગામી તા.૧૭ થી તા.૨૧ સુધી યોજાનારા લોકમેળામાં જાહેરાત માટે જાહેરાતનું કામ સંભાળતી સંસ્થાઓ/કંપનીઓ પાસેથી જાહેરાત આપી ટેન્ડરો મંગાવવામાં આવેલ હતા.

જેમાં મુખ્ય સ્ટેજ, પ્રવેશદ્વાર-૪, મેળાની અંદર, ૨૦- લાઇટ અને સાઉન્ડ ટાવર તથા ૧૦- વોચ ટાવર સહિત સ્ક્રોલ જાહેરાત/વિઝયુઅલ જાહેરાત એલ.ઇ.ડી. સ્ક્રીન દ્વારાનો સમાવેશ થાય છે.

ઉપરોકત જાહેરાતમાં બહારગામની એજન્સીઓ ટેન્ડર ભરવાથી વંચિત ન રહે તે માટે આ જાહેરાતની મુદતમાં આગામી તા.૬ થી તા. ૮ ઓગષ્ટ સુધી વધારો કરવામાં આવેલ છે. આથી સબંધીત વ્યકિત/એજન્સી/પેઢીએ સીલબંધ કવરમાં ભાવો ભરીને તા.૮ ને ૧૮ કલાક સુધીમાં અધ્યક્ષ લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયબ કલેકટર રાજકોટ (શહેર-૧)ની કચેરી ખાતે પહોંચતા કરવાના રહેશે. તા.૧૦ ના રોજ બપોરે ૧૨ કલાકે આ ટેન્ડરો ખોલવામાં આવશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવા નાયબ કલેકટર રાજકોટ (શહેર-૧)ની યાદીમાં જણાવાયું છે.

# અમરેલીમાં લોકમેળાનું આયોજન



**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૬

અમરેલી નગરપાલિકા દ્વારા ફોરવર્ડ સ્કૂલનાં પટાંગણમાં ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવેલ છે. અવનવી રાઈડસ સાથે ૬ દિવસ સુધી લોકો મેળાનો લ્હાવો લઈ શકશે.

શ્રાવણ માસમાં જન્માષ્ટમીના પવિત્ર તહેવા નિમિત્તે અમરેલીનાં આંગણે ફોરવર્ડ સ્કૂલના વિશાળ પટાંગણમાં અમરેલી નગરપાલિકા દ્વારા આયોજીત લોકમેળો-૨૦૨૨ નું સુંદર અને ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

લોકમેળો તા.૧૫/૮ થી તા.૨૦/૮ (દિવસ-૬) સુધી કાર્યરત રહેશે. લોકમેળાનો જાહેર જનતાએ બહોળી સંખ્યામાં લાભ લેવા પ્રમુખ મનિષાબેન રામાણી, ઉપપ્રમુખ રમાબેન મહેતા, કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, ચીફ ઓફિસર એચ.કે. પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તિરંગા યાત્રા યોજાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૬

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા સંદર્ભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યઓ સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે.ગિરીશભાઈ ભીમાણી ઉપસ્થિતિમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો, ભવનના અધ્યક્ષ, શૈક્ષણિક-બિન શૈક્ષણિક કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ તિરંગા યાત્રામાં આશરે ૨૦૦૦ થી વધુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ પોતાની રાષ્ટ્ર ભાવનાને મુર્તિમંત કરવા જોડાયા હતા.



# મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં ગોકુલ હોસ્પિટલના સહયોગથી વી.વી.પી.ના કર્મચારીઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં હાડકાની ઘનતા, ડાયાબીટીસ, બ્લડ પ્રેસર, બોડી માસ ઈન્ડેક્ષા, વગેરેની માપણી તજજ્ઞ ડોકટરો દ્વારા તપાસ કરવામાં આવી હતી. ઉર્મીશભાઈ વૈષ્ણવ, ડો. તેજસભાઈ કરમટા, ડો. કલ્પેશભાઈ બજાણીયા અને ડો. જયદીપભાઈ કગથરાની ટીમ દ્વારા સમાજને એક માર્ગદર્શક થઈ શકે તેવો આ પ્રયાસ વી.વી.પી.માં હાથ ધરાયો છે.

# રાજકોટ જીલ્લામાં લમ્પીથી વધુ ૧૧ પશુઓના મોત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

રાજકોટ જિલ્લામાં લમ્પી સ્કેન ડિસીઝ રોગથી પશુઓના મોતનો આંકડો વધી રહ્યો છે. લમ્પી સ્કીન ડિસીઝ રોગથી જિલ્લામાં વધુ ૧૧ પશુઓના મોત થયા છે અને કુલ મૃત્યુ આંક ૪૬ થયો છે. રાજકોટ જિલ્લામાં લમ્પી સ્કીન ડિસીઝના વધુ ૨૩૭ કેસ અને કુલ ૩૫૯૮ કેસ નોંધાયા છે. રાજકોટ જિલ્લામાં કુલ ૨૧૦૬૧૨ પશુઓનું રસીકરણ કરવામાં આવેલ છે. જિલ્લાના ૩૬૬ ગામો લમ્પી સ્કીન ડિસીઝથી અસરગ્રસ્ત છે રાજકોટ જિલ્લા પંચાયત પશુપાલન ખાતાની ૪૯ ટીન કામગીરી કરી રહી છે અને રાજકોટ જિલ્લામાં લમ્પી સ્કીન ડિસીઝથી અત્યાર સુધીમાં કુલ ૩૫૯૮ કેસ નોંધાયા હત. જેમાંથી ૨૪૦૩ પશુઓ રીકવર થઈ સાજા થયા છે અને ૧૧૪૧ એકટીવ કેસો છે.

### આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવી દ્વારા સરકાર પર આક્ષેપો

# ગરબા પરનો જીએસટી એ ગુજરાતીઓનું અપમાન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ, તા.૬

**પેટ્રોલ, ડીઝલ, ગેસ, દૂધ-છાશ વગેરે પર આકરા કરવેરાથી મોંઘવારી બેકાબૂ, સરકારથી લોકો નાખુશ, તલાટી સહિતના કર્મચારીઓમાં નારાજગીઃ ઈસુદાન**

આમ આદમી પાર્ટીના નેશનલ જોઈંટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવીએ મીડિયાને સંબોધતા કહ્યું કે, મોંઘવારી દિવસે ને દિવસે વધી રહી છે. પરંતુ સરકારને દૂધ, છાશથી લઈને ગરબાના પાસ પર GST લગાવવામાંથી ફુરસત નથી. પેટ્રોલ-ડીઝલ તો મોંઘુ હતું જ પણ હવે ગેસથી લઈને વીજળીના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

આટલી મોંઘવારી વચ્ચે પણ ભાજપએ ગરબા રમવાના પાસ પર ૧૮% GST લગાવવાનો નિર્ણય કર્યો છે. આજે સમગ્ર ગુજરાત આ ખબર જાણીને દુઃખમાં છે. હિન્દુસ્તાનમાં ગુજરાતની ઓળખ સમાન ગરબા છે અને તેના પર ગરબા પ્રેમીઓની અને હિન્દુ સમાજની લાગણી દુભાવતો નિર્ણય લીધો છે. ગરબાના પાસ પર GST લગાવવાના નિર્ણય પર ખેલૈયાઓથી લઈને દરેક ગુજરાતી અને માઁ ની આરાધના કરનાર દરેક દુઃખની લાગણી અનુભવી રહ્યું છે. ભાજપ સરકારનું કહેવું છે કે, ગરબાનું આયોજન કરવાવાળા રૂપિયા કમાય છે એટલે અમે તેના પર GST લગાવીએ છીએ, પણ રૂપિયા તો GST વાળા પણ કમાય છે તો એમના પર GST કેમ નહીં? પણ ગુજરાતના લોકોનું અપમાન કરવા માટે જ ભાજપે ગરબા પર GST લગાવવાનો નિર્ણય લીધો છે. એક તરફ મોંઘવારી સતત વધી રહી છે. લોટ, દહીં પર GSTથી ભાવ વધારો થઇ રહ્યો છે. જેના કારણે મધ્યમ અને ગરીબ વર્ગનું મુશ્કેલી ભર્યું જીવન વધારે તકલીફોથી ભરાઈ જશે. પરંતુ, આ બધી સમસ્યાઓ ભાજપ સરકારને દેખાતી નથી. ભાજપ સરકાર જનતાના દુઃખોથી મોં ફેરવીને બહેરી મૂંગી થઈને બેઠી છે.

મોંઘવારીના માર વચ્ચે, ગુજરાતમાં તલાટીઓ પણ હડતાળ પર છે. ગ્રામ પંચાયતની તમામ કામગીરી ઠપ થઈ ગઈ છે. તલાટીઓની હડતાળ સરકારની નિષ્ફળતાના કારણે છે. ભાજપ સરકારથી કોઈ ખુશ નથી, દરેક વ્યવસાય વર્ગના લોકો હડતાળ પર છે. જનતાની સુવિધાઓ માટે આમ આદમી પાર્ટી શાંત નહીં બેસે, લોકશાહી ઢબે વિરોધ પ્રદર્શન કરશું. તેમ અંતમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યું છે.

# ધારીના ગીગાસણ ગામના ખેડૂત સતત વરસાદથી પરેશાન : ઉભો પાક બળી ગયો

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૬



**૨૦ વિઘા જમીનમાં વાવણી કરેલ મગફળીમાં રોગ લાગી ગયો**

ધારી ગીર પંથકનું ગીગાસણ ગામ ખેતી અને પશુપાલન પર નિર્ભર ગામ છે ને આ વખતે સારા વરસાદથી ગીગાસણના ખેડૂતો હરખમાં હતા પણ આ હરખ ઘડીભરમાં નષ્ટ થઈ ગયો તેમ છેલ્લા ૨૦ થી ૨૫ દિવસથી ગીગાસણમાં પડેલા અવિરત વરસાદે ખેતીના કપાસ, મગફળી અને સોયાબીનના પાકોને મૂળમાંથી જ પીળા પાડી દેતા ખેડૂતોને અઢી-ત્રણ મહિનાની મહેનતથી ઉજરેલો ખેતીનો પાક નિષ્ફળ ગયો અને ખેડૂતોને માથેઓઢીને રોવાના વારો આવ્યો હોય તેમ ગીગાસણના ખેડૂતો અને ખેતરો ભાગીએ રાખીને કામ કરતા ભાગીયાઓ પણ નીશાસા નાખી રહ્યા છે.

ગીગાસણના ખેડૂતની વાડી ખેતર ભાગીએ રાખીને ખેતી કામ કરતાની હાલત સુડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ છે. ૨૦ વિઘાની મગફળીમાં અવિરત વરસાદથી જાણે સુકારા નામનો રોગ લાગુ પડી ગયો હોય તેમ આખા મગફળીના છોડ પીળા પડી ગયાને મગફળીના છોડમાં એક દાણો માંડવી ન જોવા મળતા ના છૂટકે ખેડૂતને રોટાવેટર મારીને ખેતરને ખેડી નાખવું પડયું ને ૨૦ વિઘાની મગફળી ફેઈલ જતાં હવે ભાગીયાને પોતાની મહેનત તો પાણીમાં ગઈ પણ હવે પરિવારનો નિભાવ કેમ કરવો તે મુશ્કેલી વધુ સતાવી રહી છે.

# કબ્જાધારકો અને પાવર ઓફ પેટર્ની હોલ્ડરોને દસ્તાવેજ કરી આપો

## મારૂતીનંદન હા.સોસાયટીના રહીશો કલેકટરને રજૂઆત કરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬



જામનગર રોડ પર ઘંટેશ્વર વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા નિર્મિત મારૂતિનંદન હાઉસિંગ સોસાયટી (ઈ.બી.એસ.૧૦૪૦) ના કબ્જા ધારકો અને પાવર ઓફ એટર્ની હોલ્ડરોને દસ્તાવેજ કરી આપવાની માંગ સાથે આ સોસાયટીના રહીશોએ કલેકટર કચેરીમાં ઉમટી પડી રજૂઆત કરી હતી.

આ સંદર્ભે આ સોસાયટીના રહીશોએ જણાવેલ હતું કે, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ઘંટેશ્વર ડાંગર કોલેજની પાછળ હાઉસિંગ કોલોની ઈડબલ્યુએસ ૧૦૪૦ ની યોજના સને ૧૯૯૨-૯૩ અમલમાં મુકેલ હતી અને તેના મુળ ફાળવણી દારોને કવાર્ટર ફાળવવામાં આવેલ હતા. પરંતુ ત્યારબાદ મુળ ફાળવણીદારો દ્વારા સદરહું ક્વાર્ટરનો ઉત્તરોતર વેચાણ નોટરી સમક્ષ વેચાણ કરાર અને કુલમુખત્યારનામ દ્વારા કરીને કરવામાં આવેલ છે અને હાલમાં સદરહું કવાર્ટરના કબ્જેદાર તેના છેલ્લા ખરીદનારાઓ છે.

હાલમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા તેના તમામ ક્વાર્ટર ધારકોને જેના હપ્તા ભરપાઈ થઈ ગયેલ હોય તેના દસ્તાવેજો કરી આપવામાં આવે છે. જેથી અમો કવાર્ટર ધારકો પણ ગુજરાત હાઉસિંગ બોર્ડની કચેરીએ રજૂઆત કરીને હાલના કબ્જેદારોને દસ્તાવેજ કરી આપવા રજૂઆત કરેલ હતી. પરંતુ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા એવુ કહેવામાં આવેલ છે કે ગુજરાત હાઉસિંગ બોર્ડ ફક્ત તેના મુળ ફાળવણીદારોના નામે જ દસ્તાવેજ કરી આપવા બંધાયેલ છે તેના હાલના કબ્જેદારોને દસ્તાવેજ કરી શકે નહી.

તેઓએ જણાવેલ છે કે અમોએ અમારી લોહી પાણી એક કરીને જે મરણમુડી બચાવેલ હતી તે કમાણીમાંથી નોટરી સમક્ષ વેચાણ કરાર અને કુલમુખત્યારનામા કરીને અમારા રહેવા માટેનો આશરો કરેલ છે. જેથી અમોને અમારા હાલના કબ્જા ધારકો કે જેમણે ગુજરાત હાઉસિંગ બોર્ડના હપ્તા ભરપાઈ કરી આપેલ હોય તેને ડોક્યુમેન્ટની ખરાઈ કરીને તેના નામ જોગના દસ્તાવેજ કરી આપવા તેઓએ માંગ ઉઠાવી છે.

### સમસ્ત બ્રહ્મસમાજ-રાજકોટ દ્વારા તડામાર તૈયારી

# બ્રહ્મસમાજ દ્વારા ૧૧મીએ સમૂહ જનોઈ બદલાવવાનો કાર્યક્રમ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

સમસ્ત બ્રહ્મસમાજ, રાજકોટના ઉપક્રમે શ્રાવણ પર્વ નિમિત્તે તા.૧૧મીએ ભૂદેવો દ્વારા સામુહિક જનોઈ બદલવાના કાર્યક્રમની તડામાર તૈયારીઓ ચાલુ કરીને શહેરના તમામ માર્ગો, વિસ્તારો, તમામ નાના મોટા ચોકમાં હોર્ડિંગ અને બેનરો લગાવી વાતાવરણ જીવંત બનાવ્યું છે.

સમસ્ત બ્રહ્મસમાજ, રાજકોટના પ્રમુખ દર્શિતભાઈ જાની, વોર્ડ પ્રમુખ કશ્યપભાઈ શુકલ, નીતિનભાઈ ભારદ્વાજ, બ્રહ્મસમાજના પીઢ અગ્રણી કેન્દ્રીય સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ સંયુકત નિવેદનમાં જણાવ્યું છે કે, તા.૧૧-૮ ગુરૂવારના દિવસે ૬-રાજપુતપરા ખાતે ભૂદેવો દ્વારા સામુહિક જનોઈ બદલાવવાનો કાર્યક્રમ, બ્રહ્મસમાજ રાજકોટના નેજા હેઠળ યોજાઈ રહેલ છે. ત્યારે બ્રહ્મસમાજના તમામ તરગોળ જ્ઞાતિ, પરિવાર, કુટુંબ કબીલા સાથે જોડાવવા ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. સૌ કોઈ બ્રહ્મસમાજના વડીલો એક મંચ પર જોવા મળશે.

ખાસ કરીને શ્રાવણ પર્વના આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાઈ એક સરસ મજાનું વાતાવરણ બનશે. રાજકોટ શહેરમાં તમામ માર્ગો, નાના મોટા ચોક વિસ્તારોમાં બેનરો, હોર્ડિંગ પોસ્ટરો લગાવ્યા છે. જેમાં જનોઈ બદલાવવા અપીલ કરાઈ છે.

આ ધાર્મિક કાર્યક્રમમાં ફરાળ મહાપ્રસાદ રાખેલ છે. ૬-રાજપુતપરા ખાતે આવેલ સમસ્ત બ્રહ્મસમજની બોર્ડીંગમાં શાસ્ત્રકત ધાર્મિકવિધિ મંત્રોચાર સાથે સૌ કોઈ બ્રાહ્મણો જનોઈ બદલાવશે.


સમગ્ર મીડિયા પ્રચાર પ્રસારણ વ્યવસ્થા જયંતભાઈ ઠાકર, હરેશભાઈ જોષી સંભાળી રહ્યા છે. આ પત્રિકા કાર્યક્રમને સફળ બનાવવા રામભાઈ મોકરીયા, કશ્યપભાઈ શુકલ, નીતિનભાઈ ભારદ્વાજ, પ્રદીપ ત્રિવેદી, ડો.જૈમનભાઈ ઉપધ્યાય, દર્શિતભાઇ જાની, ડોહેમાંગભાઈ વસાવડા સહિત આખી ટીમ જહેમત ઉઠાવી રહી છે. તેમ જણાવ્યું છે.

# પોલીસ અધિકારીના ફતવા જેવા પરિપત્રથી ગઢવી સમાજમાં રોષ

**પરીપત્રને વખોડી કાઢતો ગઢવી સમાજઃ આગામી દિવસોમાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને પણ રજૂઆત કરાશે**

**આવા પ્રકારનો સર્ક્યુલર કોના દ્વારા બહાર પાડવામાં આવ્યો, પોલીસ વિભાગ દ્વારા કે પછી વાયરલ મેસેજએ તપાસનો વિષય**

**સર્ક્યુલર પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા ન મોકલાવામાં આવ્યું હોય તો સાયબર ક્રાઇમમાં ગુન્હો નોંધી આગળ તપાસ જરૂરી**


તાત્કાલીક/આજેજ

આથી તમામ પો.સ્ટે/શાખાના ઇન્ચાર્જ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે,

આપશ્રીના પો.સ્ટે/શાખા ખાતે ગઢવી, ટાપરીયા તથા અન્ય કોઇ અટક ગઢવીમાં આવતી હોય તો તેવા પોલીસ કર્મચારીઓની નિચે જણાવેલ કોલમ મુજબની માહિતી તૈયાર કરી પોલીસ કંટ્રોલરૂમ ના મોબાઇલ નંબર ૭૫૭૩૯૯૬૨૪૧ ઉપર વોટસએપ થી મોકલી આપશો.

| અન | હોદો | કર્મચારીનું પુરૂનામ અટક સાથે. | બ.નં | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૦૬

સોશિયલ મીડિયામાં હાલ એક પોલીસ વિભાગનો પરીપત્ર વાયરલ થઇ રહ્યો છે. પરીપત્રમાં એમ જણાવાયું છે કે આથી તમામ પો.શાખાના ઇન્ચાર્જ અધિકારીઓને જણાવવામાં આવે છે કે આપના પો.સ્ટે/શાખા ખાતે ગઢવી, ટાપરીયા તથા અન્ય કોઇ અટક ગઢવીમાં આવતી હોય તો તેવા પોલીસ કર્મીચારીઓનો હોદ્દો, કર્મચારીનું પુરૂનામ અટક સાથે, બકલ નં. અને મોબાઇલ નંબરની માહિતી તૈયાર કરી પોલીસ કંટ્રોલરૂમના મોબાઇલ નંબર પર વોટસએપથી મોકલી આપશો. આ પરિપત્ર કોના દ્વારા કરવામાં આવ્યો છે તે હજુ બહાર આવ્યું નથી પણ પરીપત્ર વાયરલ થતા રાજયભરમાં ગઢવી સમાજમાં ઘેરારોષની લાગણી. આવો પરિપત્ર બહાર પાડવાનું કારણ શું?? જેવા પ્રશ્નો સર્જાયા છે. શું આ પરિપત્ર પોલીસ વિભાગ દ્વારા જ બહાર પડાયો છે.?? કે પછી કોઇએ ખોટો વાયરલ મેસેજ બનાવીને ફરતો કર્યો છે. તે તપાસનો વિષય છે. પરંતુ હાલમાં ગઢવી સમાજ દ્વારા આ પરીપત્રની આલોચના કરવામાં આવી રહી છે. આવા પ્રકારનો સર્ક્યુલર કોના દ્વારા બહાર પાડવામાં આવ્યો એ તપાસનો વિષય છે. સમાજના આગેવાનો દ્વારા જણાવાયું છે કે સોશિયલ મીડિયા માં વાયરલ આ મેસેજ બાબતે તપાસ કરી રહ્યા છીએ વિગત મળતા સમાજ દ્વારા આગામી સમયમાં રજૂઆત તેમજ ફરિયાદ નોંધાવામાં આવશે. કોઈપણ જ્ઞાતિને બદનામ કરવી જરાપણ યોગ્ય નથી. અમે આને સખત શબ્દોમાં

### જો પોલીસ દ્વારા આ પ્રકારની માહિતી માંગવી એ વ્યક્તિગત/જાતિગત આક્ષેપ ગણાયઃ સમાજના આગેવાનોનું મંતવ્ય

વખોડિયે છીએ. આ સર્ક્યુલર પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા ન મોકલાવામાં આવ્યું હોય તો સાયબર ક્રાઇમમાં ગુન્હો નોંધી આગળ તપાસ કરી દોષિત જાહેર કરી તેને સજા થવી જોઈએ કોઈ જ્ઞાતિને આ રીતે બદનામ કરવી કોઈ સંજોગે યોગ્ય નથી. કોઈપણ ઓફિસર પોતાની ફરજ પ્રમાણિકતા અને નિષ્ઠાપૂર્વક બજાવતા હોય ત્યારે ઓફિસર દ્વારા આ પ્રકારની માહિતી માંગવી એ વ્યક્તિગત/જાતિગત આક્ષેપ ગણાય કોઈ પણ ગુનાહિત પ્રવૃતિઓ કરનાર વ્યક્તિને જો તેમણે ગુનો કર્યો હોય તો ગુનો સાબિત કરી સજા કરી શકે છે. પણ આ પ્રકારની માહિતી ન માંગી શકાય તેવા મંતવ્યો સમાજના આગેવાનો દ્વારા આપવામાં આવી રહ્યા છે.

આ પરિપત્ર અંગે આગામી સમયમાં સમાજના આગેવાનો દ્વારા મુખ્યમંત્રીને અને ગૃહમંત્રીને પણ રજૂઆત કરવામાં આવશે અને જો પોલીસ વિભાગ દ્વારા આવા કોઇ પરિપત્ર બહાર પડાયા હશે તો તેની પણ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવશે. જો કોઇએ વાયરલ કરેલ પરિપત્ર હશે તો તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધીને કડક કાર્યવાહી કરવા સમાજે માંગ કરી છે. પરીપત્ર વાયરલ થતા ગુજરાત સહિત રાજસ્થાનના ગઢવી સમાજ દ્વારા પણ તેને વખોડી કાઢવામાં આવ્યો છે અને રોષે ભરાયા છે.


પ્રવીણદાન રોહડીયા પ્રમુખ ચારણ સેવા સમાજ રાજકોટ

કોઈ પણ ઓફિસર પોતાની ફરજ પ્રમાણિકતા અને નિષ્ઠાપૂર્વક બજાવતા હોય ત્યારે એક પી.આઈ. દરજ્જાના ઓફિસર દ્વારા આ પ્રકારની માહિતી માંગવી એ વ્યક્તિગત/જાતિગત આક્ષેપ ગણાય કોઈ પણ ગુનાહિત પ્રવૃતિઓ કરનાર વ્યક્તિને જો તેમણે ગુનો કર્યો હોય તો ગુનો સાબિત કરી સજા કરી શકે છે. પણ આ પ્રકારની માહિતી ન માંગી શકાય એવો મારૂ વ્યકિતગત મંતવ્ય છે.


રવીદાન મોડ (અખિલ ગુજરાત ચારણ મહાસભા)

આ સર્ક્યુલર પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા ન મોકલાવામાં આવ્યું હોય તો સાયબર ક્રાઇમમાં ગુન્હો નોંધી આગળ તપાસ કરી દોષિત જાહેર કરી તેને સજા થવી જોઈએ કોઈ જ્ઞાતિ ને આ રીતે બદનામ કરવી કોઈ સંજોગે યોગ્ય નથી


રાજેશભાઈ ઠાકરીયા પ્રમુખ ચારણ સમાજ સુરત

આવા પ્રકારનો સર્ક્યુલર કોના દ્વારા બહાર પાડવામાં આવ્યો એ તપાસનો વિષય છે અમો સોશિયલ મીડિયામાં વાયરલ આ મેસેજ બાબતે તપાસ કરી રહ્યા છીએ વિગત મળતા સમાજ દ્વારા આગામી સમય કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવશે. તેમજ કોઈપણ જ્ઞાતિને બદનામ કરવી જરાપણ યોગ્ય નથી. અમે આને સખત શબ્દોમાં વખોડિયે છીએ.

**પોલીસ ફરિયાદી બની ડિપાર્ટમેન્ટના નામે ખોટો મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ કરનાર સામે સાયબર ક્રાઇમનો ગુન્હો નોંધી તાત્કાલીક ધરપકડ કરે તેવી માંગ કરવામાં આવી રહી છે**

# નારીશક્તિને વંદન, પોરબંદરના નૌકામથકની પાંચ જાંબાઝ મહિલા પાઈલોટની ટીમે નવા ઈતિહાસનું આલેખન કર્યું



**પહેલીવાર ઉતર અરબી સમુદ્રમાં માત્ર મહિલાઓની ટીમે નૌકા સર્વિલન્સ અને જાસૂસી મિશન સંપન્ન કર્યું**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ભારતીય નૌકાદળમાં ફરજ બજાવી રહેલી પાંચ જાંબાઝ, સાહસિક મહિલા અધિકારીઓની ટીમ દ્વારા નૌકાદળના ઈતિહાસમાં એક સોનેરી પૃષ્ઠનો ઉમેરો કર્યો છે. પોરબંદરનાં નૌકામથક પર ફરજ બજાવતી આ વિરાંગના ટીમે ઉતર અરબી સમુદ્રમાં પહેલીવાર સ્વતંત્ર રીતે નૌકા સર્વિલન્સ અને જાસૂસી મિશન સફળતાપૂર્વક સફળ કર્યું હતું. માત્ર મહિલાઓની ટીમે આવી કામગીરી કરી હોવાનું ભારતીય નૌકાદળના ઈતિહાસમાં પહેલીવાર બન્યું છે. પોરબંદરના નૌકામથકે નૌકા એરસ્કોવર્ડનમાં ફરજ બજાવતી લેફ.કમાન્ડર આંચલ શર્મા, લેફ.શિવાંગી અપૂર્વા ગીતે, સેન્સર ઓફિસર પૂજા પાંડા અને પૂજા શેખાવતે ડોર્મીયર એરક્રાફ્ટ મારફત ઉડ્ડયન કરીને અરબી સમુદ્રમાં વ્યુહાત્મક મથકોનાં સર્વિલન્સ જાસૂસીની નિર્ણાયક કામગીરી સફળતાથી પૂરી કરી હતી. આ મિશન પૂરું કરતા પહેલા પોરબંદર નૌકા કમાન્ડર ખાતે પાંચેય મહિલા અધિકારીઓએ સખત તાલીમ મેળવી હતી અને સિનિયર અધિકારીઓ પાસેથી બ્રીફિંગ મેળવ્યું હતું.

નૌકાદળે એક નિવેદનમાં મહિલા સાહસિકોને બિરદાવી છે અને જણાવ્યું છે કે, મહત્વનું મિશન પાર પાડીને મહિલા ટીમે ખરાઅર્થમાં નારીશક્તિના દર્શન કરાવ્યા છે. પહેલીવાર આવું અત્યંત મહત્વનું અને ગુપ્ત આધુનિક નૌકામિશન મહિલાઓની બનેલી ટીમે પાર પાડ્યું છે. હવે મહિલા અધિકારીઓને વધુ પડકારરૂપ ભૂમિકા ભજવવાની પ્રેરણા મળશે અને નૌકા ઉડ્ડયન ક્ષેત્રમાં વધુ મોટી જવાબદારી સ્વીકારવા માટે માર્ગ મોકળો થશે. ભારતીય નૌકાદળ માટે આ બહુ મોટી સફળતા છે. મહિલા અશક્તિકરણમાં નૌકાદળે હંમેશા આગળ પડતી ભૂમિકા ભજવી છે. મહિલા પાઈલોટેની ભરતી કરવામાં આવી રહી છે. હેલીકોપ્ટર કાફલામાં પણ એમને સ્થાન અપાઈ રહ્યું છે. અત્યારે અલગ- અલગ નૌકા જહાજો પર ૩૦ થી વધુ મહિલા અધિકારીઓ ફરજ પર તૈનાત છે.(૨.૧૨)

# શ્રી કષ્ટભંજનદેવ હનુમાન દાદાને ચોકલેટ વાઘાનો દિવ્ય શણગાર




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સાળંગપુર, તા.૬

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત સાળંગપુરધામમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિતે આજે તા.૬ને શનિવારના રોજ પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી સાથે કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય ચોકલેટ વાઘાનો શણગાર ધરાવવામાં આવેલ તથા સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા તથા ૭ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા તેમજ બપોરે ૧૧:૧૫ કલાકે ચોકલેટ અન્નકૂટ આરતી કરવામાં આવી. શનિવાર નિમિતે સાંજે ૫:૩૦ કલાકે દાદાનું ભવ્ય ષોડશોપચાર પૂજન-અભિષેક-મહાઆરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. ભક્તોએ ઓનલાઈન તથા પ્રત્યક્ષ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ નિમિતે દિવ્ય સત્સંગનું સાંજે ૫:૩૦ થી ૬:૩૦ કલાક દરમિયાન આયોજન કરવામાં આવેલ છે. તેમ જણાવ્યું છે.(૧૩)

# ખેતરમાં ડ્રોનથી નેનોયુરીયા ખાતરનો છંટકાવ, ગુજરાતની પહેલ

**કૃષિ સેવાઓમાં ડ્રોનનો ઉપયોગ કરનાર પહેલું રાજ્ય બનતું ગુજરાત**



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૬

અનેક સેક્ટરમાં નવતર પ્રયોગ કરવા માટે જાણીતા ગુજરાતમાં એક નવી પહેલ શરૂ કરીને દેશને રાહ ચિંધવામાં આવી છે. રાજ્યમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં ખેતરમાં ડ્રોનથી નેનોયુરીયા ખાતરનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ગઈકાલે ગાંધીનગરના ઇસનપુર મોટા ગામે આ પહેલો સફળ પ્રયોગ કરવામાં આવ્યો હતો. ખેતરમાં નેનોયુરીયા છાંટવા માટે મુખ્યમંત્રીએ પણ ડ્રોન પર હાથ અજમાવ્યો હતો અને કુશળતાથી ડ્રોન સંચાલિત કરીને નેનોયુરીયાનો છંટકાવ કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કૃષિક્ષેત્રમાં ખર્ચ ઘટાડી ઉત્પાદન વધારવા અમારી સરકાર પ્રયત્નશીલ છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એ દિશામાં મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. નેનોયુરીયાના ઉપયોગથી આયાતી રસાયણિક ખાતરનો ખર્ચ અને અવલંબન ઘટી શકે અને ખેડૂતો નાણાની બચત કરી શકશે. સબસીડીનું ભારણ પણ ઘટી જશે. એટલું જ નહીં પાણીની પણ બચત થશે.

માત્ર દેશમાં નહીં પણ વિશ્વમાં આ પહેલો પ્રયોગ થયો છે અને ડ્રોનનો ઉપયોગ કરવા બદલ મુખ્યમંત્રીએ ખેડૂતોને અભિનંદન આપ્યા હતા.(૨.૧૨)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

# શુક્રવારે કોરોનાના ૬૩ કેસ નોંધાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

શહેરમાં કોરોનાના શુક્રવારે ફરી વધીને ૬૩ કેસ નોંધાયા છે. શહેરમાં કુલ કેસનો આંક વધીને ૬૪૭૯૫ થયો છે અને આવતા સપ્તાહ સુધીમાં ૬૫૦૦૦ને પાર કરી શકે છે. નવા કેસની સંખ્યા વધવા ઉપરાંત ડિસ્ચાર્જની સંખ્યા ઓછી રહી છે. શુક્રવારે ફક્ત ૨૯ દર્દી ડિસ્ચાર્જ થતા એક્ટિવ કેસની સંખ્યા વધીને ૩૩૫ થઈ છે.

જે કેસ આવ્યા છે તેમાં સૌથી વધુ ૨૦ પોઝિટિવ નાનામવા આરોગ્ય કેન્દ્રમાંથી આવ્યા છે જ્યારે બીજા ક્રમે શ્યામનગર આરોગ્ય કેન્દ્ર છે. આ તમામ કેસ કઈ સોસાયટીમાંથી આવ્યા છે તે સરવે કરવાનો સમય પણ આરોગ્ય શાખાને મળ્યો નથી. એકદમથી કેસની સંખ્યા વધવા માટે તબીબોએ જણાવ્યું હતું કે લોકો ખાનગી લેબમાં ટેસ્ટ કરાવવા લાગ્યા છે અને ટેસ્ટ વધતા કેસ પણ વધી રહ્યા છે. હાલ શરદી-ઉધરસના લક્ષણો દેખાતા જ ખાનગી હોસ્પિટલમાં ટેસ્ટનો આગ્રહ રાખવામા આવે છે.

# રક્ષાબંધને એસટી વધુ ૪૦ બસ દોડાવશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

શ્રાવણ માસની શરૂઆત થતાની સાથે જ તહેવારોનો માહોલ શરૂ થઇ જાય છે. સૌપ્રથમ રક્ષાબંધન અને ત્યારબાદ જન્માષ્ટમી, ગણેશોત્સવ, નવરાત્રી, દિવાળી જેવા તહેવારોની હારમાળા સર્જાય છે. ત્યારે આ શ્રાવણ માસની શરૂઆત થતાની સાથે લોકો હરવા ફરવા જવાનું વિચારી રહ્યા હોય છે. ત્યારે બીજી બાજુ જોઇએ તો તહેવારો શરૂ થતાની સાથોસાથ એસટી બસની રોજની ૫૦ લાખની આવક જાણવા મળી છે. તહેવારને લઇને વધતા જતા ટ્રાફિકને પહોંચી વળવા માટે એસટી ડિવિઝને વધારાની ૪૦ બસો દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ બસ લાંબા અને ટૂંકા બંને અંતરમાં દોડશે.

આ અંગે વધુ માહિતી આપતા એસટી વિભાગના નિયામકે જણાવ્યું હતું કે, રક્ષાબંધન પર્વને ધ્યાનમાં રાખીને વધારાની બસ તા.૧૦ થી ૧૨ ઓગસ્ટ સુધી દોડાવવામાં આવશે. અત્યારે લોકો એડવાન્સ બુકિંગ સૌથી વધુ પ્રમાણમાં કરાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.(૧૩)

**લમ્પી મહામારીથી વ્યથિત માથકનાં સંતની આકરી તપશ્ચર્યા**

# ગૌમાતા માટે અન્નજળનો ત્યાગઃ એક પગે ઉભા રહેવાની ટેક



**રાણાબાપા આશ્રમ ખાતે સંત રતનગીરી બાપુ ગૌમાતાઓને રાહત થયા બાદ જ ૧૦૧ નાળીયેરથી હવન અને દ્વારકાધીશના દર્શન કર્યા પછી કઠીન તપ પૂર્ણ કરશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ભરવાડ સમાજના સંત રતનપુરી કેદારપુરી બાપુ દ્વારા મોરબી જિલ્લાના માથક ગામે રાણા બાપા આશ્રમમાં એક પગે ઉભા રહી અન્નનો ત્યાગ કરી જ્યાં સુધી લમ્પી વાયરસમાં ગાય માતાને રાહત મળે નહીં ત્યાં સુધી ટેક રાખવામાં આવી છે. ટેક પૂરી થયા બાદ ૧૦૧ નારીયર દ્વારા હોમાત્મક હવન કરવામાં આવશે, ત્યારબાદ દ્વારકામાં ઠાકર ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા બાદ અન્નનો દાણો મોઢામાં નાખશે. ભૂતકાળની વાત કરીએ તો રતનપુરી બાપુ દ્વારા કોરાના હાહાકાર મચાવી રહ્યો હતો. ત્યારે પણ દિવસ અને રાત મોરબીમાં આવેલી ભરવાડ સમાજની મચ્છુ માતાજીની જગ્યામાં અન્ન જળ ત્યાગ કરી સતત ૧૭ દિવસ ઉભા રહેવાની ટેક રાખી રાખી હતી. ટેક પણ એવી હતી કે, બાપુ એવું નક્કી કર્યું હતું કે હું થરા સમસ્ત ભરવાડ સમાજની ગુરૂગાદિ છે ત્યાં ચાલીને દર્શન કરીશ પછી અન્નનો દાણો મોઢામાં નાખીશ. એ જ રીતે હવે ગાય માતાને બચાવવા માટેની ટેક અને તમામ ગાય માતાના જીવ બચી જાય અને મોટી જાનમાલની હાનિ ન થાય એટલા માટે બાપુ દ્વારા એક પગે ઊભા રહેવા ટેક રાખવામાં આવી છે.

બાપુએ જણાવ્યું કે, સંત સુરા સૌરાષ્ટ્રની ધરતી ઉપર કોઈપણ જાતની આવી મહામારી ન આવે એવી ભગવાન દ્વારકાધીશને પ્રાર્થના કરૂ છું. હાલ માથક સ્થીત આશ્રમે રોજ અનેક ભક્તો દર્શને આવી રહ્યા છે. રાજકોટથી રણજીત મુંધવા, ભુવાજી પપ્પુભાઇ મુંધવા, અજયભાઇ મુંધવા, લાલભાઇ ખીંટ દર્શન કરવાનો લહાવો લીધો હતો. તેમ જણાવ્યું છે.

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

**પુનડી ગામે સ્થિત આરોગ્યધામ ખાતે**

# રવિવારે 'ફ્રેન્ડશીપ ડે' નિમિતે યુવા શિબિરનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

**શિબિરની સાથે યુવા પેઢીના મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોના નિરાકરણ માટે 'ટોક શો' યોજાશે**

કચ્છ ક્ષેત્રના પુનડી ગામ સ્થિત આરોગ્યધામ ખાતે ચાતુર્માસ અર્થે બિરાજી રહેલા રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ ૪૨ સંત-સતીજીઓના સાનિધ્યે વિશેષરૂપે વેસ્ટન કલ્ચરથી રંગાઈને પતન તરફ દોરાઈ રહેલા એમની જ રસ-રૂચિ અનુસારના ગમતા અનુષ્ઠાનો યોજીને આજના હજારો યુવાનોને લોજિક સાથેનું તથ્ય અને સત્ય સમજાવવા તેમજ અયોગ્યથી યોગ્ય દિશાનું માર્ગદર્શન આપવા રવિવાર તાઃ૭ના દિવસે 'કલ્યાણ મિત્ર-જો હમે બનાએ સ્વમિત્ર' યુવા શિબિર, આ અનોખી શિબિર સાથે જ, સમગ્ર ચાતુર્માસ દરમિયાન પરમ ગુરૂદેવના બ્રહ્મનાદે દર રવિવારે કરાવવામાં આવતી મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર જપ સાધનાના ચતુર્થ ચરણની સાધના આ અવસરે કરાવવામાં આવશે.

વિશેષમાં આજના યંગસ્ટર્સના મનમાં ઉઠતી અનેક પ્રકારની જિજ્ઞાસાઓ, ઉત્કંઠાઓ અને પ્રશ્નોના ત્યારે જ પરમ ગુરૂદેવ દ્વારા સચોટ અને યથાર્થ સમાધાન સાથેનો વિશિષ્ટ 'ટોક શો' આ અવસરે યોજાશે.

પ્રભુ ભકિત, કલ્યાણ મિત્ર સાથેની મિત્રતા અને સત્યનું પ્રાગટ્ય કરાવતાં ત્રિવેણી સંગમ સ્વરૂપ આ અવસરે દરેક ધર્મપ્રેમી ભાવિકો તેમજ યંગસ્ટર્સને પ્રત્યક્ષ કે લાઈવના માધ્યમે સવારે ૯ કલાકે જોડાઈ જવા શ્રી SPM પરિવાર દ્વારા ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમ યાદીમાં જણાવ્યું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
-ઃશ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs. +5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

Dt.06-08-2022 8
શનિવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

## ધોરાજીનો ભાદર-૨ ડેમ ઓવરફ્લો, ૧૯ ગામોને કરાયા એલર્ટ

### ધોરાજી, ઉપલેટાના હેઠવાસના ગામોને સાવચેત રહેવા તથા નદીના પટમાં અવર–જવર ન કરવા સુચના

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ભૂખી ગામ પાસેનો ભાદર -૨ ડેમ હાલ નિર્ધારિત સપાટીએ ભરાઈ જતાં ઓવરફ્લો થઈ ગયેલ છે.

ડેમનો ૧ દરવાજો ૧.૫ ફૂટ ખોલવામાં આવ્યો છે. ડેમમાં ૧૫૦૬ કયુસેક પાણીની આવક સતત ચાલુ હોય જેની સામે ૧૫૦૬ કયુસેક પ્રવાહ છોડવામાં આવી રહ્યો છે. ડેમની હેઠવાસમાં આવેલ ધોરાજી તાલુકાના ભોળા, ભોલગામડા, છાડવાવદર, સુપેડી ઉપલેટા તાલુકાના ડુંમીયાણી, ચીખલીયા, સમઢીયાળા, ગણોદ, ભીમોરા, ગાધા, ગંદોડ, હાડફોડી, ઈસરા, કુંઢેચ, લાઠ, મેલી મજેઠી, નિલાખા, તલગણા, ઉપલેટા સહિતના ગ્રામજનોને નદીના પટમાં અવર-જવર નહીં કરવા તથા સાવચેત રહેવા ફ્લડ કંટ્રોલ રૂમની યાદીમાં જણાવાયું છે.

# કનેરીયા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝમાંથી લુઝ સિંગતેલના નમુના લેવાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ દ્વારા આર.ટી.ઓ કચેરીની બાજુમાં શિવમ સોસાયટી વિસ્તારમાં ચકાસણી હાથ ધરવામાં આવેલ. કુલ ૧૪ પેઢીની ચકાસણી કરવામાં આવેલ તેમજ વેચાણ થતા દૂધ, દૂધની બનાવટ, મસાલા તથા ઉપયોગમાં લેવાતા ખાદ્યતેલ વગેરેના કુલ ૧૩ નમુનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

આઇશ્રી ખોડીયાર ડેરી ફાર્મ, બાલાજી ડેરી ફાર્મ, મોજ પ્રોવિઝન સ્ટોર, રમેશ જલેબી, માટેલ પરોઠા, શ્રી રામેશ્વર ડેરી ફાર્મ એન્ડ ફરસાણ, અંબિકા પ્રોવિઝન સ્ટોર, સદ્‌ગુરુ પ્રોવિઝન સ્ટોર, જય જુલેવરી પ્રોવિઝન સ્ટોર, ચામુંડા ડેરી, સદ્‌ગુરૂ પાન, શિવમ પાન એન્ડ કોલ્ડ્રીંક્સ, શિવશક્તિ દુગ્ધાલય અને ઠાકરધણી ડેરી ફાર્મની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

ફૂડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ દર્શાવેલ વિગતો મુજબ નમૂનો લેવામાં આવેલ. (૧) સિંગતેલ ટાંકામાંથી (લુઝ): સ્થળ -કનેરિયા ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ - સમ્રાટ ટોન્ડ એસ્ટેટ, શેરી નં. ૨, ગોકુળ ધામની બાજુમાં, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ, રાજકોટ.

## મનપાના ફૂડ વિભાગના વિવિધ સ્થળોએ દરોડા

# પડધરીમાં જંગલી ભૂંડનો ત્રાસ: ચાર લોકોને બચકા ભરતા સારવારમાં



### સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૬

પડધરીના ગીતાનગરમાં એક ભૂંડ હિંસક બની લોકો પર ત્રાટક્યું હતું, જેમાં ચાર લોકોને બચકાં ભરી લેતાં લોહીલૂહાણ થયા હતા. બાદમાં આ ભૂંડ એક વંડામાં ઘૂસી ગયું હતું. આ ભૂંડને પકડવા માટે યુવાન વંડામાં ગયો તો તેના પર હિચકારો હુમલો કરી દીધો હતો. આ યુવાનના બન્ને પગ, હાથ અને છાતીમાં ઘાતક દાંત બેસાડી દીધા હતા, આથી યુવાન લોહીલુહાણ થઈ ગયો હતો. જંગલી ભૂંડના હુમલાથી પાંચ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. આ ઈજાગ્રસ્તોને રાજકોટ સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા છે. જેમાં પકડવા ગયેલો યુવાન ખૂબ જ ગંભીર રીતે ઘાયલો થયો છે. જંગલી ભૂંડના આતંકથી ગીતાનગર વિસ્તારમાં રહેતા લોકોમાં રોષ ભભૂકી ઊઠ્યો છે.



# રાજકોટ મા. યાર્ડમાં ૫ દિવસનું મિની વેકેશન




### ૨૧મીથી હરાજી સહિતની કાર્યવાહી રાબેતા મૂજબ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૬

આગામી જન્માષ્ટમીના તહેવારોની સૌરાષ્ટ્રમાં ઉમંગભેર ઉજવણી થતી હોવાથી બજારો બંધ જેવા રહેતા હોવાથી રાજકોટ માર્કેટયાર્ડ દ્વારા પણ ૫ દિવસનું મિની વેકેશન જાહેર કરી દેવાયું છે.

યાર્ડ આગામી તા.૧૫થી ૨૦ બંધ પાળશે. રાજકોટ માર્કેટ યાર્ડના ચેરમેન જયેશ બોઘરાએ કહયું હતું કે, જન્માષ્ટમીના તહેવારમાં ઉલ્લાસનો માહોલ હોય છે. સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીની શાનદાર ઉજવણી થાય છે ત્યારે ખેડૂતો, શ્રમિકો અને વેપારીઓ આ તહેવારને માણી શકે તે માટે યાર્ડમાં રજા જાહેર કરવામાં આવતી હોય છે.

દિવાળીની જેમ જન્માષ્ટમીમાં પણ મિની વેકેશન પડે છે. યાર્ડના સેક્રેટરી તેજાણીએ કહયું હતું કે, તા.૧૫થી ૨૦ માર્કેટ યાર્ડમાં રજા રહેશે અને તા.૨૧થી હરાજી સહિતના કામકાજ રાબેતા મૂજબ શરૂ થઈ જશે. રજાના દિવસોમાં યાર્ડના કામકાજ બંધ રહેતા હોવાથી કોઈ જણસી લઈને નહિ આવવા ખેડૂતોને અપીલ છે.(૯)

# રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની બેઠક

### નવી શિક્ષણનીતિના અમલ અંગે ચર્ચા

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭ ઓગસ્ટના રોજ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરશે અને પાક વૈવિધ્યકરણ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે. એક સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. નિવેદન અનુસાર, નીતિ આયોગની ૭મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક સ્થિર અને સમાવિષ્ટ ભારતના નિર્માણની દિશામાં કેન્દ્ર અને રાજયો-કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સહકાર તરફ સિનર્જીનો માર્ગ મોકળો કરશે.

નિવેદનમાં ઉમેર્યું હતું કે, આ બેઠક સંઘીય પ્રણાલીમાં ભારતના પ્રમુખપદના મહત્વ અને G-20 ફોરમમાં રાજયોની ભૂમિકા પર ભાર મૂકશે, જે તેમની પ્રગતિને પ્રકાશિત કરશે. નીતિ આયોગની સર્વોચ્ચ સંસ્થામાં તમામ મુખ્ય પ્રધાનો, કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો અને કેટલાક કેન્દ્રીય પ્રધાનોનો સમાવેશ થશે. વડાપ્રધાન નીતિ આયોગના અધ્યક્ષ છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગ્રેડ-પે સહિતના પડતર પ્રશ્નો અંગે સોમવારથી આરોગ્ય કર્મચારીઓની બેમુદ્દતી હડતાલ

### ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘના એલાનથી રાજકોટ સહિત ૩૩ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ હડતાલ પર ઉતરશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૬

ગુજરાતના આરોગ્ય કર્મચારીઓના ગ્રેડ-પે સહિતના વિવિધ પડતર પ્રશ્નો અંગે સરકાર સાથે વારંવાર વાટાઘાટો બાદ પણ કોઈ નિકાલ આવ્યો ન હોવાથી ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘે તા.૮ ઓગસ્ટથી રાજયભરમાં બેમુદ્દતી હડતાલ પર હોવાનું એલાન કર્યું છે. રાજયનાં ૩૩ જિલ્લાના પંચાયત વિભાગ-૩ના આરોગ્ય કર્મચારીઓ સુપરવાઇઝર ભાઈ- બહેનોને હડતાલમાં જોડાઈ જવા કર્મચારી મહાસંઘે એલાન આપ્યું છે. તેમ મહાસંઘના પ્રમુખ રણજીતસિંહ મોરી અને મહામંત્રી આશિષ કુમાર આઈબ્રહ્મભટ્ટની યાદી જણાવે છે.

મહાસંઘની યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં રાજય પંચાયત વિભાગ વર્ગ-૩ ના કર્મચારીઓ માટેની મુખ્ય ત્રણ માંગણી અંગે મંત્રી બ્રિજેશ મેરજા, પંચાયત આરોગ્ય અને વહીવટ વિભાગના અગ્ર સચિવ વગેરે સાથે બેઠક યોજાઈ હતી. પરંતુ પ્રશ્નોનું કોઈ નિરાકરણ આવ્યું નથી. આથી તા.૮ ઓગસ્ટ સોમવારથી અચોક્કસ મુદ્દતની હડતાલ પર જવાનું નક્કી કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળની એક યાદીમાં જાહેર કરવામાં આવ્યું છે કે, ઘણા વખતથી આપણા બધાનો ગ્રેડ-પેનો પ્રાણ પ્રશ્ન સરકારમાં અટવાતો આવ્યો છે. આપણે મહાસંઘ દ્વારા જાહેર થતા આંદોલનોમાં વખતોવખત ભાગ લેતા રહીએ છીએ. છતાં આપણને સફળતા મળી નથી. આથી દરેક કર્મચારીઓમાં વત્તા ઓછા પ્રમાણમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. પણ જો આપણે લડવાનું ભૂલી જઈએ તો કર્મચારીઓના ભવિષ્ય માટે જોખમી સાબિત થશે. આથી આપ સહુએ પુરા જોમ અને જુસ્સા સાથે મહાસંઘના એલાન મુજબ અચોક્કસ મુદ્દતની હડતાલમાં જોડાઈ જવા માટે રાજકોટ જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળ આદેશ આપે છે. તમામ પીએચસી કક્ષાના કર્મચારીઓએ પોતાના પીએચસી, તાલુકા કક્ષાના કર્મચારીઓએ અને જિલ્લા મથકે ફરજ બજાવતા કર્મચારીઓએ મહાસંઘના આદેશનું પાલન કરવા મંડળના પ્રમુખ અશોક જે.જોષી, મહામંત્રી કલ્પેશ આર.ડોડીયાની યાદીમાં જણાવાયું છે.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# મનપાની વોર્ડ ઓફિસ પરથી તિરંગાનું વિતરણ શરૂ







(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**રાજકોટ.તા.૬: હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત આગામી તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન શહેરના બે લાખથી વધુ ઘર પર તિરંગા લહેરાવવામાં આવશે. આજે મહાપાલિકાની તમામ વોર્ડની ઓફિસ પરથી તિરંગાનું વિતરણ હાથ ધરાયુ હતું. તિરંગાનો ભાવ ૨૧ રૂપિયા અને તે લગાવવા માટે લાકડીની કિંમત મનપા દ્વારા ૯ રૂપિયા નિયત કરવામાં આવી છે. આજે તિરંગાના વીતરણ શરૂ થતા જ અનેક લોકો પ્રથમ દિવસે જ વોર્ડ ઓફિસે તિરંગો લેવા ઉમટયા હતા.

આઝાદીના અમૃત મહોત્સવમાં મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય ચોક ખાતે દેશભક્તિના ગીતો થકી દેશપ્રેમનું વાતાવરણ ઉભું થાય તે મુજબનું આયોજન કરવામાં આવશે અને લોકોને નજીકના સ્થળે સરળતાથી રાષ્ટ્રધ્વજ ઉપલબ્ધ બની રહે તે માટે રાષ્ટ્રધ્વજના વિતરણ માટેના સ્ટોલનું આયોજન કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી શરૂ કરી છે. જેના અનુસંધાને ૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી સમગ્ર દેશમાં હર ઘર તિરંગા કાર્યક્રમ જાહેર કરેલ છે. આપણું શહેર પણ રાષ્ટ્રમય બને અને દરેક ઘરે, અને દરેક કચેરી પર રાષ્ટ્રધ્વજ લહેરાય તે આપણા સૌની નૈતિક જવાબદારી છે. રાજકોટ શહેરમાં પણ ત્રણ લાખથી વધુ રાષ્ટ્રધ્વજ ફરકશે એવી આશા છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.